શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈનું મુખપત્ર

# સોરઠ વિશાશ્રીમાળી

**SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73**

Vol. No. : 51 ❖ Issue : 01 ❖ Pages : 60 ❖ Mumbai ❖ February 2023 ❖ Price : Rs.8/-

## રજત જયંતિ મહોત્સવ અને ભાઈબીજ સ્નેહ સંમેલનના યાદગાર સંભારણા.....










# જન્મ શતાબ્દી : સ્મૃતિ વંદના



જન્મ:
૧૨.૧૨.૧૯૨૨

દેહવિલય:
૧૫.૭.૧૯૯૪

# સ્વ. માણેકલાલ ઝવેરચંદ વસા

અમારી પ્રગતિના પ્રણેતા, અમારી પ્રતિષ્ઠાના પોષક, અમારી સફળતાનાં સર્જક,
અમારા ઘડતરના શિલ્પી, અને અમારી ઉચ્ચ પ્રણાલીના આધાર સ્તંભ,
સાગર જેવું વિશાળ હ્રદય, સંકલ્પમાં પહાડ જેવી અડગતા અને નિર્ણયમાં બેજોડ ડહાપણ.
શિક્ષણ, સેવા અને માનવતાના આપે કરેલા કાર્યો કદી ભુલાશે નહીં.આપનું જીવન
અને કાર્ય અમને આપે છે નિરંતર સફળ બનવાની પ્રેરણા. કુટુંબ વાત્સલ્ય, સિદ્ધાંતો,
આદર્શો, અને સત્કાર્યોથી આપ સદૈવ અમારી વચ્ચે છો. સંસ્કાર અને સદાચારના આપે
ચિંધેલા માર્ગે અમો આગળ વધી રહ્યા છીએ. આપનો પ્રેમ અને સ્નેહનો પ્રકાશ અમારા
જીવનમાં સદાય ઝળહળતો રહેશે. આપને નત નત મસ્તકે અમારા વંદન...

આપના પ્રિયજનો

| | |
|---|---|
| **સ્વ. સુધા – પ્રતાપ વસા** | **સુરેખા – મહેન્દ્ર વસા** |
| **પ્રિતી – નરેન્દ્ર વસા** | **મનીષા – રાજેશ વસા** |
| **બિજલ – પરેશ વસા** | **કોમલ – મીહિર વસા** |
| **રૂચીતા – પરીન વસા** | **જિગ્ના – બિરેન શાહ** |
| **પુજા – હેમલ શાહ** | **ડીમ્પલ – દેવાંગ કામદાર** |
| **પ્રિયાંભી – અંકીત વસા** | **નિકીતા રાજેશ વસા** |
| **તરલા – શ્રીપ્રકાશ ચોકશી** | **કુંદન – નિતિન મહેતા** |

**સોનલ – યોગેશ સંઘવી**

**ધ્રીશ, ટીયા, દિવીના, જીયાના, આયાન**

## વસા પરિવાર

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડિંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
સમય : બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
Email : svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો.: ૭૦૨૧૨૦૧૨૮૦**



### સમાજની કારોબારી સમિતિ

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા ....... પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા ....... ત.ભૂ. પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા ....... ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા ....... માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી ....... માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ....... ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર ....... મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા ....... સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી ....... સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી ....... સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા ....... સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા ....... સભ્ય
શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી ....... સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા ....... સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા ....... સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા ....... સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા ....... કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા ....... કો-ઓપ્ટ



BANK DETAILS :
**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**BANKER :** Bank of Baroda, M. J. Market, Mumbai - 3
S.B. A/c No. 03870100000044
**IFSC :** BARB0BULLIO MICR : 40012047

**Name : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**BANKER :** Union Bank of India
Princess Street, Mumbai - 400002.
S.B. A/c. No. 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે
Auditor : Viren Vasa & Associates
Chartered Accountants, Mumbai

તા.૧-૩-૨૦૨૩ થી લવાજમ ના દરો ભારતમા આજીવન : રૂા.૨૭૦૦/-
પરદેશમાં (ફક્ત વાર્ષિક) : USD 20 Yearly

મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિંટિંગ પ્રેસ,
૪૦, મહેતા ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં.૩,
માલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪.


# તંત્રી સ્થાનેથી....

છેલ્લા એકાદ વર્ષથી મધ્યમવયની વ્યક્તિઓમાં હૃદયરોગથી થતા મરણનું પ્રમાણ ભયજનક રીતે વધી રહ્યું છે. મોટાભાગના કિસ્સાઓમાં તો હોસ્પીટલ સુધી જવાનો સમય પણ રહેતો નથી. જેમને ભૂતકાળમાં કોઈ તકલીફ ન હોય તેવી વ્યક્તિઓ પણ આ રોગનો શિકાર બની જવાના કિસ્સાઓનું પ્રમાણ ખુબજ ઝડપથી વધી રહ્યું છે.

૩૫ વર્ષથી ૫૫ વર્ષની વયના લોકોમાં ડાયાબીટીસ અને બ્લડપ્રેશર સામાન્ય વાત બની રહી છે. અને આ બાબત બેદરકારી પણ વધી રહી છે. એક યા બીજા બહાને પુરતી તબીબી સારવારથી દુર ભાગીએ છીએ (જોડે તેમાં અત્યંત મોંઘી બની ગયેલ તબીબી સારવારનો ખર્ચ પણ એક કારણ છે.) આ એક અત્યંત ચિંતાજનક વિષય છે.

સમયની સાથે સાથે આપણી જીવનશૈલીમાં પણ ઘરમુળથી પરિવર્તન આવી ગયેલ છે. જીવનશૈલીની સાથે સાથે આપણી ખોરાકની પરંપરાને આપણે સાવ વિસારે પાડી દીધી છે. સંપૂર્ણ અને સમતોલ આહારની જગ્યાએ જીભને ગમતી સ્વાદિષ્ટ અને ચટાકેદાર વાનગીને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. જેમાં મોટેભાગે બજારૂ ચીજો ખાવાનું પ્રમાણ વધારે હોય છે.

આ ઉપરાંત સૌથી મહત્વની બાબત જીવનમાં વધી ગયેલ તણાવ (*Stress*) છે. કામનો સમય (કામના કલાકો) અને કામ કરવાની શૈલીને કારણે મગજ પર તેની વિપરીત અસર પડે છે અને નાની ઉમરમાં રોગના શિકાર બની જવાય છે. પગાર વધવાની સાથે જવાબદારી પણ અતિશય વધી જાય છે. અને તેની લાંબેગાળે સીધી અસર શરીર પર થાય છે. હવે બીજી રીતે વિચારીયે તો એવું લાગે છે. કે આ માટે જાણતા કે અજાણતા આપણે પોતે જ જવાબદાર છીએ. આ બધાનું મુળ કારણ આપણી વધતી જતી જરૂરીયાતો છે. આપણી જીવનશૈલીમાં આવેલ બદલાવને કારણે આપણી જરૂરીયાતો એટલી બધી વધી ગયેલ છે. કે તેને પુરી કરવા માટે સખત પરિશ્રમ કરવો પડે છે. જેના વગર ચાલી શકતુ હોય કે જેની ખરેખર જરૂર ન હોય તેને પણ આપણી બદલેલી જીવનશૈલીમાં સ્થાન આપી દીધેલ છે.

આપણા વડવાઓ (પૂર્વજો) ખુબજ સુખી હતા. તે સમયમાં સુખ સગવડના સાધનો ખુબજ સીમીત હતા. છતા પણ જે કંઈ હતુ તેનાથી સંતોષ માની, ઉપલબ્ધ સાધનોનો મહતમ ઉપયોગ કરી રાજી રહેતા. કોઈ જાતનો અસંતોષ નહિ - જે મળે તેનાથી સંતોષ માનીને સુખની જીંદગી જીવતા હતા.

હાલ તેનાથી તદ્દન વિપરીત રીતે જીવન જીવાઈ રહ્યું છે. અમર્યાદિત જરૂરીયાતોને પુરી કરવા તનતોડ મહેનત કરવી પડે છે. જે કઈ છે તેનાથી સંતોષ માનવાને બદલે વધારેને વધારે મેળવવામાં જીંદગીના શ્રેષ્ઠ વર્ષોને ખર્ચી નાખવામાં આવે છે. અને તેની અસર છેવટે તો તન અને મન પર પડે છે. જીવનમાં મહત્વાકાંક્ષા જરૂરી છે. પરંતુ એટલી બધી નહી કે જેને લીધે આપણું સ્વાસ્થ્ય હોડમાં મુકવું પડે.

કેવી રીતે સુખી થવું એ આપણા હાથની વાત છે. સંતોષી અને સ્વસ્થ જીવનશૈલી ભવિષ્યમાં આવતી અનેક મુસીબતોમાંથી બચાવી શકે છે. **જરૂર છે ફક્ત મક્કમ મનોબળ અને ઈચ્છા શક્તિની.**

## ''પિતા-પુત્રનો અનોખો કાયદાકીય ખટલો''

અદાલતમાં વૃદ્ધ વડીલે ન્યાયમૂર્તિને કહ્યું હું ખુબજ શ્રીમંત વ્યક્તિ છું અને મારી પાસે પૈસાની કોઈપણ કમી નથી તો પણ મારે પુત્ર પાસેથી દર મહિને ખર્ચ લેવો છે માટે હું આપની પાસે ન્યાય લેવા આવ્યો છું.

ન્યાયમૂર્તિ આશ્ચર્ય ચકિત થયા અને કહ્યું આપ શ્રીમંત છો તો પણ આપ ખર્ચ માંગી રહ્યા છો ? ઠીક છે એ આપનો અધિકાર છે. આમાં સુનવણીની જરૂર નથી તમારી સારસંભાળ પુત્રએ કરવી એ પુત્રનું કર્તવ્ય છે. એમ કહી વૃદ્ધ વડીલ પાસેથી તેમના પુત્રનું નામ અને સરનામું લઈને સમન્સ મોકલીશું એમ કહી ન્યાયમૂર્તિએ બે દિવસ પછીની તારીખ આપીને કહ્યું કે એ દિવસે આપનો પુત્ર ન્યાયાલયમાં હાજર હશે અને આપના આ કેસનો નિકાલ કરીશું.

બે દિવસ પછી પુત્ર ન્યાયાલયમાં હાજર થયો પણ એ એવા ગડમથલમાં હતો કે બાપુજીએ મને કહ્યું હોત તો મેં ખર્ચ આપી દીધો હોત પણ મને કાંઈપણ ન જણાવતા કેમ કોર્ટમાં કેસ કર્યો એમ મનમાં ને મનમાં વિચારતો રહ્યો. ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું આપના પિતાએ આપની સામે જીવન નિર્વાહ માટે કેસ કર્યો છે તો આપ આપનું નિવેદન નોંધાવો. પુત્રએ કહ્યું સાહેબ મારા પિતાજી ખુબજ પૈસાદાર છે પણ એમને કેમ કેસ કર્યો એની પાછળનું કારણની મને ખબર પડતી નથી.

ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું તમારા પિતાએ જીવન નિર્વાહ માગેલ છે અને આપ તે કાયદાકીય રીતે આપવા બંધાયેલ છો પછી રકમ ગમે તે હોય તે તમારી પરિસ્થિતિ અનુસાર આપવી પડશે. ન્યાયમૂર્તિએ વૃદ્ધ વડીલને પૂછ્યું આપને કેટલો જીવન નિર્વાહ જોઈએ છે તો વૃદ્ધ વડીલે કહ્યું સાહેબ દર મહિને ફક્ત ૧૦૦ રૂપિયા અને એ શરતે કે મારો પુત્ર એના હાથે મારે ત્યાં આવીને આપી જાય બીજા કોઈ સાથે ન મોકલે અને એમાં કોઈપણ જાતનો વિલંબ ન થાય એની કાળજી રાખવામાં આવે.

ન્યાયમૂર્તિએ કહ્યું ઠીક છે તમારા કહેવા પ્રમાણે થશે. પછી ન્યાયમૂર્તિએ પુત્રને કહ્યું કે તારે દર મહિને ૧૦૦ રૂપિયા તારા પિતાજીના હાથમાં વિલંબ ન કરતા આપી દેવા આ કોર્ટનો આદેશ છે અને તું તેનું પાલન કરીશ એવી અપેક્ષા. ન્યાયમૂર્તિએ આદેશ આપીને ખટલાનો નિકાલ કર્યો પછી વૃદ્ધ એવા વડીલને પોતાની પાસે બોલાવ્યા અને પૂછ્યું જો તમને કોઈ હરકત ન હોય તો મારે એક પ્રશ્ન પૂછવો છે. આપ આટલા બધા શ્રીમંત હોવા છતાં આપે પોતાના દીકરા ઉપર કેસ કર્યો અને એ પણ ફક્ત નાની એવી રકમ માટે આમ કેમ ?

આ પ્રશ્ન સાંભળી વૃદ્ધ વડીલના આંખમાં આસું આવ્યા અને બોલ્યા સાહેબ મારા દીકરાનું મોઢું જોવાની ખુબજ ઈચ્છા થયેલ હતી કારણ કે એ કામમાં એટલો વ્યસ્ત છે કે એને મળીને ઘણાજ દિવસ થયા હતા અને સામે બેસીને છોડો સાહેબ મોબાઈલ ઉપર ક્યારે વાતચીત કરી એ પણ ખબર નથી. મારા પુત્ર ઉપર મને અત્યંત પ્રેમ છે એટલેજ મેં કેસ દાખલ કર્યો જેથી કરી એ દર મહિને મારો સામે આવે અને હું તેને મનભરીને જોઈ શકું અને તેનો મને આનંદ થાય. વૃદ્ધ વડીલનું કથન સાંભળીને ન્યાયમૂર્તિના આંખમાં ઝળઝળિયાં આવ્યાં.

ન્યાયમૂર્તિએ કહ્યું તમે જો મને પહેલા કીધું હોત તો મેં વડીલની સામે દુર્લક્ષ કર્યાનો અને સાર સંભાળ ન રાખવા માટે તમારા પુત્રને શિક્ષા કરી હોત. વૃદ્ધ વડિલ બોલ્યા મારા પુત્રને શિક્ષા થાય તો એ ખરાબ કહેવાત કારણ મારે એના ઉપર ખૂબજ જીવ છે અને મારાથકી એને કોઈ શિક્ષા અગર ત્રાસ થાય એ મને સહન ન થાય એટલે મેં ફક્ત બે ઘડી મળે એ માટે મારે આ ઉપાય કરવો પડયો.

આ સંવાદ દૂરથી પુત્ર સાંભળી રહ્યો હતો એના અશ્રુનો બાંધ તુટી પડ્યો અને દોડતા આવીને એ પિતાજીને ભેટી પડ્યો અને બોલ્યો બાપુજી મને માફ કરો હું આપનો ગુન્હેગાર છું. પિતાએ કહ્યું દીકરા અમને વૃદ્ધ અવસ્થામાં પુત્ર અમારી પાસે હોય એજ ઈચ્છીયે છીએ. બસ શું જોઈએ છે વૃદ્ધ માતા પિતાને ફક્ત પ્રેમ અને હૂંફ બીજું કાંઈ નહીં. હજારો માણસો મળશે આ આયુષ્યના પ્રવાસમાં પણ આપણી હજારો ગલતીઓને ફરી ફરી માફ કરનાર માતા પિતા નહિ મળે.

# ૫૦માં સુવર્ણ મહોત્સવી ભાઈબીજ
## સ્નેહ-સંમેલન - ૨૦૨૨

**શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા અને શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા પ્રેરિત શ્રી એસ.વી.જૈન સમાજ - મુંબઈ આયોજીત ૫૦માં સુવર્ણ મહોત્સવની ભાઈબીજ ૨૦૨૨ સ્નેહ સંમેલનનો અહેવાલ**

જે સુવર્ણ અવસરની આપણે કાગ-ડોળે રાહ જોઈ રહ્યા હતા અને જેને માટે કારોબારી સમિતિનાં સભ્યો છેલ્લાં ત્રણ મહિનાથી તૈયારી કરી રહ્યા હતા તે હૃદયસ્પર્શી સુવર્ણ મહોત્સવ સહુના ઉલ્લાસ અને અનેરા ઉમંગ સાથે ભાઈબીજના શુભ દિને શાનદારપૂર્વક સંપન્ન થઈ ગયો તે બદલ આપણા સુજ્ઞ અને શિસ્તબધ્ધ સમાજને કોટિ કોટિ અભિનંદન છે.

**''સુવર્ણક્ષેત્રે લખાઈ ગયો, સુવર્ણ દિનનો ઈતિહાસ**
**અને આપણે સહુએ સાથે મળીને ઉજવ્યો સુવર્ણોત્સવ તહેવાર''**

સમાજનું ૫૦મું ભાઇ-બીજ સંમેલન ગુરૂવાર તા.૨૭-૧૦-૨૦૨૨ના સુવર્ણમય પ્રભાતે બીરલા માતુશ્રી સભાગૃહ મુંબઈમાં દબદબાપૂર્વક અને ધૂમધામથી ઉજવવામાં આવેલ. સમાજના પ્રમુખ શ્રી કિરીટભાઈ મહેતાએ જ્યારથી પદગ્રહણ કર્યું ત્યારથી તેઓની અને સાથે સાથે કારોબારી સમિતિની ઉત્કૃષ્ટ તમન્ના હતી કે આ વર્ષનું સંમેલન એક યાદગાર સંભારણું બની જાય તેમ ઉજવવો છે. અને અનેકવાર મીટીંગો યોજીને, વિચારણા કરીને ભવ્ય કાર્યક્રમને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સૌ.આશાબેન ભીમાણીના ગ્રુપ દ્વારા સંગીતનો રસથાળ પીરસવામાં આવ્યો અને સર્વે ગુણીજનો સંગીતના તાલે ઝૂમવા લાગ્યા અને કલાક સુધી મન ભરીને માણ્યો.

સમય આવ્યો માનવંતા મહેમાનોને મંચ પર સન્માનપૂર્વક લાવવાનો અને તે માટે મંત્રીશ્રી આશિષભાઈ મહેતાએ સમાજના હોદ્દેદારોને વિનંતી કરી અને દિપ પ્રાગટ્યની પવિત્ર વિધિ કરવામાં આવી અને ત્યારબાદ સહુ મહાનુભાવોએ પોતાની બેઠકો ગ્રહણ કરી અને શ્રી જયંતભાઈ દોશીએ શ્રી નવકાર મહામંત્ર અને શ્રી સરસ્વતીમાતાની સ્તુતિ વંદના સુમધુર કંઠે પ્રસ્તુત કરી અને કાર્યક્રમની શરૂઆતમાં પ્રથમ આપણા સમાજના પ્રેમાળ સૌ.લતાબેન શરદભાઈ મહેતા તેમજ શ્રેષ્ઠીવર્ય સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી ધીરજલાલભાઈ નરોતમદાસ વોરા બન્નેની તાજેતરમાં અણધારી વિદાયથી સહુએ ઉભા થઈને ૨ મિનિટનું મૌન પાળીને બન્ને દિવંગતોને ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. પ્રમુખ સેવક શ્રી કિરીટભાઈ મહેતાએ તેમના *Welcome Address* સ્વાગત પ્રવચનમાં સહુથી પ્રથમ માનવંતા અતિથિ વિશેષો, અભૂતપૂર્વ પ્રમુખશ્રીઓ, મુખપત્રના તંત્રીશ્રીઓ, કાયમી યોજનાના દાતાશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, પરિવારજનોને લાગણીભર્યો આવકાર આપ્યો અને કારોબારી સમિતિના તેમના સાથીદારો જે સહુએ તન-મન-ધનથી સંપૂર્ણ સહયોગ આપેલ છે. તેને લીધે અનેરા વિશ્વાસ સાથે સમાજના વિકાસ માટે કંઈક નવું, કંઈક અનોખું કરતાની ભાવના સાથે આજે આ મંચ પર ઉભા રહેવાની હિંમત કરી છે અને વિશેષ જણાવ્યું કે ભાઈબીજ સ્નેહ સંમેલન અને મુખપત્રના ૫૦ વર્ષોની ઉજવણીને સાર્થક કરવા માટે વધુ બે કાર્યક્રમો યોજવાની અતૂટ શ્રધ્ધા છે પરંતુ એ ત્યારે જ શક્ય બનશે જ્યારે સમાજના સુજ્ઞ પરિવારજનો તન-મન અને વિશેષ ધનથી સહકાર આપે ત્યારે (૧) સાંસ્કૃતિક કાર્યક્રમ અને (૨) રાસ-ગરબા સાથે આનંદ મેળો કરવાની ભાવના વ્યક્ત કરી - જે વિશે વધુ માહિતી ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ વસા અને ટ્રસ્ટીશ્રી ભરતભાઈ મહેતા આપશે તેમ જણાવ્યું.

**ત્યારબાદ**

મહામહોત્સવના મંગળ કાર્યની શરૂઆત રૂપે, રત્નત્રયી પ્રવજ્યા સંયમ માર્ગે જઈ રહેલા પૂજનીય મુમુક્ષુ નયનાબેન દિલીપભાઈ પારેખને મંચ પર આમંત્રિત કરીને વિનમ્રભાવે સન્માન કરવામાં આવ્યું જેના પ્રત્યુત્તરમાં મુમુક્ષુ બહેનશ્રીએ તેમનો પવિત્ર સંયમ પંથ નિષ્કંટક બને તેવા આશિષની વાંછના કરી ત્યારે સમગ્ર શ્રોતાજનો પણ ભાવ-વિભોર થઈ ગયા હતા.

સુવર્ણમય સંમેલનના અતિથિ વિશેષ શ્રી અશ્વિનભાઈ રસીકલાલ વોરા, જેઓ કલકત્તાથી ખાસ પધાર્યા હતા તેમનો પરિચય પ્રવીણભાઈ વોરાએ આપ્યો અને શ્રી અશ્વિનભાઈએ વક્તવ્યમાં જણાવ્યું કે તેમને આમંત્રિત કર્યા તે બદલ ફક્ત તેમને જ નહીં પરંતુ સમગ્ર કલકત્તા સમાજને સન્માનિત કર્યા છે જે તેઓ કદી પણ વિસરી શકે તેમ નથી.

અતિથિ વિશેષ સૌ.ઈન્દુબેન શ્રીકાંતભાઈ વસાનો વિસ્તૃત પરિચય શ્રી કમલભાઈ દોશીએ આપ્યો અને સૌ.ઈન્દુબેને સ્ત્રી શક્તિની વાત ખૂબજ સુંદર રીતે રજુ કરી અને આજે સમાજના દરેક ક્ષેત્રમાં નારીની કુશળતા અને કાબેલિયત વિશે મનનીય વાત દર્શાવી.

અતિથિ વિશેષ સૌ.રેખાબેન પંકજભાઈ વોરાનો પરિચય શ્રી જયેશભાઈ એસ. વસાએ સરસ શબ્દોમાં આપતા રેખાબેનની ધાર્મિક વૃત્તિ અને પ્રવૃતિઓનો સમન્વય જણાવ્યો. રેખાબેન વતી પંકજભાઈ, તેમના વક્તવ્યમાં સમાજ ઉન્નતિના નવા શિખરો સર કરે અને સમાજમાં પ્રેમ અને ભાઈચારો વધુ સુદ્રઢ બને તેવા કાર્યો કરવા માટે પ્રેરણા આપી. સમાજની કાર્યવાહક સમિતિના દરેક સભ્યો સરસ મજાનાં *Uniform*

એક સરખા પહેરવેશ ધારણ કરીને આવ્યા અને સંગઠન શક્તિ *Unity* ના દર્શન કરાવ્યા તે બદલ અહોભાવ દર્શાવ્યા. તેમના પૂજ્ય પિતાશ્રી કાંતીભાઈ વોરાએ સમાજ પ્રત્યે જે યોગદાન આપ્યું છે તે તેમના લોહીમાં પણ ઉતર્યુ છે. અને તેઓ જ સાથ-સહકાર આપશે તેવી ભાવના અને ખેલદીલી વ્યક્ત કરી હતી.

અતિથિ વિશેષ શ્રી વિનોદરાય ભગવાનજીભાઈ મહેતાનો પરિચય મંત્રીશ્રી પરિમલભાઈ ભીમાણીએ પ્રસ્તુત કર્યા. વિનુભાઈએ તેમના વકતવ્યમાં સમાજની ઉત્તરોત્તર પ્રગતિની શુભ કામના વ્યક્ત કરી અને સવિશેષ જણાવ્યું કે આપણા સહુનું જીવન મુંબઈની લોકલ ગાડીના મુસાફર જેવું કઠિન છે, પરંતુ આપણે મુસાફર કે પ્રવાસી ન બનીએ પણ અન્ય સહપ્રવાસીના રાહબર / પથદર્શક બનીએ તો જ આપણું જીવન સાર્થક ગણાશે.

આજના સંમેલનના યજમાન પ્રતિનિધિ શ્રી શશીકાંતભાઈ ગીરધરલાલ વોરાનો પરિચય શ્રી કિર્તીભાઈ વસાએ આપ્યો અને બહુમાન ટ્રેઝરર શ્રી યોગેશભાઈ વોરાએ કર્યુ હતું. ભાઈબીજ સ્નેહ સમંલેનના યજમાન દાતાશ્રી પરિવારના માનનીય પ્રતિનિધિ શ્રી શશિકાંતભાઈ વોરાએ વર્ષ ૨૦૨૨, ૨૦૨૩ અને ૨૦૨૪ના ત્રણ વર્ષ માટે સ્નેહ સંમેલનના ખર્ચ પેટે વાર્ષિક રૂા.૧.૫૦ લાખ (કુલ રૂા.૪.૫૦ લાખ) આપવાનું જાહેર કર્યુ હતું. એટલું જ નહીં પરંતુ ઉપરાંત આજના સુવર્ણ મહોત્સવ માટે વિશેષ રૂા.૧.૫૦ લાખ અને તદ્ઉપરાંત આ વર્ષના કેળવણી લક્ષી ધોરણ-૧૦ના પ્રથમ ત્રણ ઈનામો સિવાયના ઈનામો આપવા માટે રૂા.૫૦ હજાર જાહેર કર્યા હતા. સાથે સાથે તેમણે આપેલા અનુદાનોની અનુમોદનાર્થે તેમના વોરા પરિવારના મુરબ્બી શ્રી નરોત્તમદાસ જીવનભાઈ વોરા પરિવારના રૂા.૫૧ હજાર અને પૂજ્ય શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ વોરા પરિવાર તરફથી રૂા.એક લાખ આપવાની જાહેરાત કરતાંજ ઉપસ્થિત સહુ શ્રોતાજનોએ પ્રચંડ તાળીઓના ગડગડાટથી સહર્ષ વધાવી લીધા હતાં.

વોરા પરિવારની સમાજ માટે આવી ઉદાત્ત અને વિરલ ભાવના ખરેખર અનુમોદનીય છે.

સંમેલનને શિખર પર લઈ જવાના સંદર્ભમાં, સમાજની શરૂઆતથી ૫૦ વર્ષો સુધી સેવા આપી ચૂકેલા દરેક પ્રમુખશ્રીઓ, મુખપત્રમાં સમર્પણ આપી ગયેલા દરેક તંત્રીશ્રીઓ અને કાયમી યોજનાના પ્રત્યેક દાતાશ્રીઓને મંચ પર આમંત્રીત કરીને દરેક મહાનુભાવોને શાલ, માળા તથા યાદગાર સ્મૃતિચિન્હ / *Momento* અર્પણ કરીને સન્માન / બહુમાન કરવામાં આવ્યું.

સુવર્ણ મહોત્સવને વધુ યાદગાર અને અવિસ્મરણીય બનાવવા માટે આ વર્ષે એટલે કે ૨૦૨૩ સુધી વિશેષ બે કાર્યક્રમો : (૧) સાંસ્કૃતિક પ્રોગ્રામ (૨) રાસ-ગરબા અને આનંદ મેળાનું આયોજન કરવા માટે પ્રમુખશ્રીએ જણાવેલ કાર્યને આગળ ધપાવવા માટે કાર્યવાહક સમિતિ વતી ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ વસા અને સમાજ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ મહેતાએ ટહેલ મૂકી કે તે બન્ને કાર્યક્રમના સુવર્ણ સ્થંભરૂપી રૂા.૫૪૦૦૦/-, રજત સ્થંભરૂપે રૂા.૨૭૦૦૦/- અને તામ્ર સ્થંભરૂપે રૂા.૯૦૦૦/- ભેગા કરવાની પ્રબળ ઈચ્છા વ્યક્ત કરી અને તે માટે ઝોળી ફેલાવતા થોડી જ વારમાં સારી એવી રકમ જાહેર થવા મંડી જે સમાજના પરિવારજનોની ઉદારતા અને ચાહના દર્શાવે છે અને ''સબકા સાથ - સબકા વિકાસ અને અનન્ય વિશ્વાસ ના'' નારાથી સભાગૃહ ગુંજી ઉઠ્યું હતું.

અને સાથોસાથ કેળવણી ક્ષેત્રે એક વિશિષ્ટ અનુમોદનીય કાર્ય સંપન્ન થયું જે આદરણીય સ્વ.નરોતમદાસ જીવનભાઈ વોરા અને માતુશ્રી દિવાળીબેન નરોત્તમદાસ વોરાની પુણ્યસ્મૃતિમાં તેમના યશસ્વી સુપુત્ર અમેરિકા સ્થિત ડૉ.શ્રી ભુપેન્દ્રભાઈ વોરા તથા સુશીલ પુત્રવધુ ડૉ.શ્રીમતી શોભનાબેન વોરા પરિવાર તરફથી એસ.વી.જૈન સમાજ મુબંઈના સુવર્ણ મહોત્સવી સંમેલનને વધુ યાદગાર બનાવવા આ વર્ષે ધોરણ ૧૦માં ઝળવળતી ફતેહ મેળવનારા પ્રથમ ત્રણ છાત્રો-છાત્રાને અનુક્રમે પ્રથમ ઈનામ રૂા.૫૦ હજાર, દ્વિતીય ઈનામ રૂા.૩૦ હજાર અને ત્રીજું ઈનામ રૂા.૨૦ હજાર એમ કુળ એક લાખનું ઈનામ આપવાનું જાહેર કરવામાં આવ્યું. જેમાં વિશેષ હર્ષની એ વાત છે કે દ્વિતીય ઈનામને લાયક બે છાત્રોને એકજ સરખા માર્કસ હોવાથી તેવા બંન્ને છાત્રોને રૂા.૩૦/૩૦ હજાર આપવાની ઈચ્છા દાતાશ્રીએ દર્શાવતા રૂા.એક લાખ દશ હજારના ચેકો સમાજ દ્વારા આપવામાં આવ્યા જે અનુમોદનીય - અવિસ્મરણીય બની ગયું. આ પ્રમાણે ઈનામ મેળવનારા બડભાગી છાત્ર/છાત્રા આ પ્રમાણે છે :-

(૧) પ્રથમ ઈનામ : ક્રિશ અભય ચુનીલાલ પારેખ (૯૯.૬% માર્કસ મેળવીને સમગ્ર ભારત દેશમાં દ્વિતીય અને મહારાષ્ટ્રમાં પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો)

(૨) બીજું ઈનામ મેળવનારા : કુ.સ્વરા રાહિલ સંઘવી ૯૮.૪% માર્કસ અને કેવન મિતેષ રામાણી ૯૮.૪% માર્કસ મેળવીને ઈનામને પાત્ર બન્યા.

આજના સુવર્ણ અવસરે સમાજના તત્કાલીન ભૂતપૂર્વ પ્રમુખ શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયાના સૌભાગ્યશીલ હર્ષાબેન સાવડીયા તરફથી ડૉ.શ્રી શાંતીભાઈ રતીલાલ કોરડીયા કાયમી

તબીબી સહાય યોજનાના કૉર્પસ ફંડમાં રૂા.૫ લાખનો ચેક સમાજને આપવામાં આવ્યો હતો. ત્યારબાદ શ્રી જયંતભાઈ દોશી અને શ્રી સંજયભાઈ મહેતા દ્વારા શૈક્ષણિક તથા ધાર્મિક પરીક્ષાઓમાં ઉતિર્ણ થયેલા ગુણીજનોના નામોની જાહેરાત કરવામાં આવી અને તેઓને મંચ પર આવીને પોતાના ઈનામો મેળવી લેવાની વિનંતી કરવામાં આવી હતી.

મહોત્સવના આદરણીય અતિથિ મહાનુભાવોએ આ અવસરની અનુમોદનાર્થે તેમના તરફથી દરેકે રૂા.૫૧,૦૦૦/- આપવાની જાહેરાત ઉપપ્રમુખ શ્રી ધીરેનભાઈ વસાએ કરી તેમજ ૨૦૨૩ના આગામી બે યાદગાર કાર્યક્રમોના પ્રોત્સાહન રૂપે તેઓ સહુ સુવર્ણસ્થંભ બનીને રૂા.૫૪,૦૦૦/- સવિશેષ આપવાની જાહેરાત કરાવતા બીરલા સભાગૃહમાં સહુ શ્રોતાજનો હર્ષિત થઈ ગયા અને સમાજ ધન્ય બની ગયો હતો.

સંમેલન કાર્યક્રમની શરૂઆતમાં *"Early Bird"* વહેલા આવનારા ૨૦૦ વ્યક્તિઓમાંથી લકી ડ્રો દ્વારા (૫) પાંચ વ્યક્તિઓને ઈનામ આપવામાં આવેલ હતાં.

અંતમાં મંત્રીશ્રી આશિષભાઈ મહેતાએ લાગણીપૂર્વક આભારવિધિ કરી અને ત્યારબાદ ફરી. સૌ.આશાબેન ભીમાણી ગ્રુપનો સંગીત પ્રોગ્રામ માણ્યો અને પૂર્ણાહુતી પછી, નજીકમાં જ આવેલ. શ્રીમતી સુંદરબાઈ હોલના ગ્રાઉન્ડમાં સ્વરૂચી ભોજન લેવા સહુ પધાર્યા. આમંત્રિત મહેમાનો અને સીનીયર સીટીઝન્સ માટે અલાયદી વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. ધારણા મુજબની સંખ્યા કરતાં પણ વધુ સંખ્યા થઈ હોવા છતાં પણ વ્યવસ્થા અકબંધ જળવાઈ હતી અને સહુએ સ્વાદિષ્ટ ભોજનનો રસથાળ માણ્યો હતો. અને આમ દરેક કાર્યક્રમો સુંદર રીતે પરિપૂર્ણ થઈ ગયેલ અને પ્રત્યેક પરિવારજનોએ શિસ્તપાલન કરીને અને હર્ષવિભોર થઈને અલવિદા કરીને છુટા પડ્યા હતા. ઉત્સવને ખરેખર અર્થમાં મહોત્સવ બનાવી દીધેલ જે સર્વને માટે ગર્વ અને ગૌરવ સમાન છે.

**અંતમાં અંતઃકરણ પૂર્વક**
**અમે કહીએ શું કે આપણને મળ્યું શું ?**
**આ હસી-ખુશીમાં, આ અમન-ચમનમાં આ ભવ્ય મહોત્સવમાં ?**
**મળ્યું છે જે કંઈ જોઈ શકાય તો**
**જોઈ લ્યો અમારા સજળ નયનોમાં**

અહેવાલ : મંત્રીશ્રી પરિમલભાઈ ભીમાણીના સહયોગથી રજુઆત

- પ્રવીણ સી. વોરા

**(ફોટાઓ માટે જુઓ પેજ નં.૩૦ થી ૩૪)**

## અણમોલ સુવર્ણ સ્નેહ સંમેલન 'અવિસ્મરણીય'

દીપ પ્રાગટ્ય કરીને થઈ, પ્રસંગની શુભ મંગલ શરૂઆત
સૌ અતિથિ વિશેષો એ, કરી વકતવ્યની સુંદર રજુઆત.
'જયંત'ભાઈ સ્વરિત સરસ્વતી સ્તુતિએ, કર્યા સૌને મંત્રમુગ્ધ,
શ્રોતાઓ તો સાંભળી જાણે, થઈ ગયા સૌ સ્તબ્ધ,
મુમુક્ષુ 'નયનાબેન'ના આગમને, પ્રસંગને લાગ્યા ચાર ચાંદ,
સુવર્ણ મહોત્સવ આજ ખીલી ઉઠ્યો, રહેશે સૌને વરસો યાદ
જે સમર્પિત કાર્યકરો પર, આજે પણ છે સમાજને અભિમાન,
તે સૌને યાદ કરીને કર્યુ કેવું સુંદર બહુમાન,
યાદગાર સોનેરી ગીતોથી, પુલકિત થયા સૌ ભાવવિભોર,
સૌની હતી બસ એક જ માંગ, વન્સ મોરને વન્સ મોર
'ભરત'ભાઈની વિનંતીને, કેવો મલ્યો સુંદર પ્રતિસાદ,
ને 'કમલ-આશિષ'નું સંચાલન, હતું ખરેખર કાબીલ એ દાદ
'અમર' કેટરર્સના પ્રિતિ ભોજને, રાખ્યો અનેરો રંગ,
'ઓક્ટોબર'નો તાપ જાણે કોમળ થયો આઈસ્ક્રીમને સંગ
'કિરીટ'ભાઈ ની ટીમનાં કરીશું અમે સૌ સ્વપ્ન સાકાર,
તન, મનને ધનથી રહેશે સદા સૌનો સહકાર
''પ્રમુખ સેવક''ના અડગ નેતૃત્વથી સમાજને
મલશે સચોટ દિશા ને આકાર,
ચાલો વિક્રમ સંવત ૨૦૭૮ ને વિદાય દઈ
૨૦૭૯ને આપીએ સ્નેહભર્યો આવકાર!!

**-હિતેશ છબીલદાસ મહેતા (મલાડ)**

## ચિત્તના કેમેરામાંથી શબ્દની....

આપણી ઈન્દ્રિયો બહારની દુનિયાનું જ અનુભવે છે ને આપણાં મગજમાં જણાવે છે. આંખ જે જોવે છે તે, કાન જે સાંભળે છે, આસપાસના અવાજ, શબ્દો, વાર્તાલાપ, તે બધુજ સાંભળીને મગજને જણાવે. જીભ સ્વાદ માટે ફાફા મારતી હોય છે, સ્પર્શ સુખ માટે વલખા મારે છે. આ રીતે જ ઈન્દ્રિયો બહારની દુનિયા સાથે સંકળાય છે. તે તરત જ મગજ સાથે સંકળાઈને તેનું શબ્દમાં રૂપાંતર કરીને સરળતાથી રીએક્ટ કરે છે. એટલે જ કહ્યું છે કે કોઈપણ વિચારને વાણીમાં પરિવર્તિત કરતા પૂર્વ વિચાર કરવો જોઈએ, ચિત્ત (મન) ના કેમેરામાંથી શબ્દની પ્રિન્ટ કાઢશો નહિ! શબ્દની પ્રિંટ (વાક્ય) બોલતા પહેલા તેનાં પ્રત્યાઘાતનું ક્ષણિક વિચાર કરજો ને પછી જ બોલજો, આવેશમાં ને ઉત્સાહમાં કે હોંશથી કે ખુશીથી, ગમથી કે ક્રોધમાં કે ગુસ્સામાં જો કંટ્રોલ કરવો હોય તો ચિત્તનાં કેમરામાંથી શબ્દની પ્રિંટ કાઢતા પહેલા વિચારજો.

**-ફાલ્ગુની સંજય મહેતા - ગોરેગાંવ**

## BIO-DATA



### HIRAL DEEPAK MEHTA

**Birth Date** : 28th December, 1996

**Birth Time** : 09.20 am

**Birth Place** : Mumbai (Kandivali)

**Height** : 5' 4"

**Cast** : Shri Sorath Visha Shrimali Deravasi Jain

**Native Place** : Moti Paneli

**Hobby** : Playing - Badminton, Listening Music

**Qualification** : B.Com Second Year

**Professional Detail** : Working at Dhanraj Marketing as a accountant

**Mobile No.** : 8169904574

**Email Id** : hiralmehta857@gmail.com

**Residential Add.** : B/25, Satyam Bldg., 1st Floor, S.V.Road, Fateh Baug, Kandivali (W), Mumbai - 400067.

***Family Details :***

**Father Name** : Deepak Narotamdas Mehta (8655865292)

**Mother Name** : Charulata Deepak Mehta (8369205865)

**Sister Name** : Charmi Deepak Mehta (S.Y.J.C)

**Grand Father** : Lt. Shri Narotamdas Vanmalidas Mehta

**Grand Mother** : Smt. Shantaben Narotamdas Mehta

**Nana** : Lt. Shri Keshavlal Premchand Doshi

**Nani** : Lt. Smt. Lilavatiben Keshavlal Doshi

**Mama** : Bharat Keshavlal Doshi
Jayesh Keshavlal Doshi (Patanvav)

***Contact Details :***

**Name** : Shri Pravinbhai Fulchand Mehta

**Mobile No.** : 9820060853 (Moti Paneli)

**Name** : Shri Kishorbhai Lalchand Ramani

**Mobile No.** : 9321988373 (Majevadi)

## BIO-DATA



### POOJA YASHVANT RAMANI

***Personal Details:***

**Birth Date** : 20th January 1987

**Birth Time** : 07.30 am

**Birth Place** : Mumbai (Borivali)

**Height** : 5' 0"

**Education** : S.S.C.

**Status** : Divorcee

***Family Details:***

**Father's Name** : Yashvant Maganlal Ramani

**Occupation** : Retired

**Mother's Name** : Sadhana Yashvant Ramani

**Occupation** : Housemaker

**Sister's Name** : Dimple Manthan Vora (Younger, Married)

**Native Place** : Lakhapadar (Amreli)

**Cast** : Sorath Visha Shrimali Jain Samaj

**Maternal Side** : Late Shri Vasantlal Mohanlal Shah
Manish Vasantlal Shah (Mahuva, Gujarat)

**Paternal Side** : Shri Bhupat Maganlal Ramani (Mira Road)
Shri Prakash Maganlal Ramani (Kandivali)

***Contact Details :***

**Contact No.** : 9082759013 / 9969540238

**Address** : C-102, Sumer Nagar No.3, Oppsite Flyover, Kora Kendra, S. V. Road, Borivali (W), Mumbai - 400092.

## BIO-DATA



**SONAM KAMLESH DOSHI**

| | |
|---|---|
| **Birth Date** | : 28-8-1995 |
| **Birth Time** | : 9.10 pm |
| **Height** | : 5'.6" |
| **Cast** | : Sorath Vishashrimali Swetamber Deravasi |
| **Native Place** | : Jetpur, Gujarat |
| **Education** | : B.Pharm, Mumbai University |
| **Profession** | : Working as Senior Quality assurance officer at Lupin Inc., Vadodara |

***Family Background :***

| | |
|---|---|
| **Father** | : Mr. Kamlesh Ramniklal Doshi (Working as a Manager in Chemical Company) |
| **Mobile No.** | : +91 7498988670 / 7666756215 |
| **Mother** | : Mrs. Ila Kamlesh Doshi (Housewife) |
| **Mobile No.** | : +91 8806135002 |
| **Elder Sister** | : Mrs. Bhavya Pritesh Mehta (Married) - Dubai |
| **Son in Law** | : Mr. Pritesh Haresh Mehta - Dubai |
| **Grand Father** | : Lt. Ramniklal Dharsi Doshi (Jetpur) |
| **Grand Mother** | : Lt. Kantaben Ramniklal Doshi (Jetpur) |
| **Nana** | : Lt. Ramniklal Gokaldas Sanghvi (Junagadh) |
| **Nani** | : Smt. Lilavantiben Ramniklal Sanghvi (Junagadh) |
| **Mama** | : Mr. Ashok R. Sanghvi (Junagadh) M.: 9898154454<br>Mr. Mukesh R. Sanghvi (Junagadh) M.: 9825668789 |
| **Address** | : 306, Dwarkesh Apt., Masoli, Dahanu Road, Pin - 401602. |

## હાર્દિક અભિનંદન



**ચિ. વૈભવ ચુનીલાલ વસા**

પાટણવાવ નિવાસી હાલ કાંદિવલી ચિ.વૈભવ ચંદ્રેશભાઈ ચુનીલાલ વસાએ CFA Level III ની પરીક્ષા ઓગસ્ટ ૨૦૨૨માં પાસ કરેલ છે. તેમની આ સફળતા બદલ શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ તરફથી ખૂબ ખૂબ અભિનંદન...

## નવા સરનામા

**Maheshbhai Mathuradas Shavadia :** 1601/2, Sanaya Elysium, D. C. Das Marg Opp: Ambe Krupa, Backside of Devidayal Rd, Mulund (W) 400080

**Ramaniklal Gulabchand Mehta:** E/602- Nisarg Heaven, Near Pavandham, Opp. Tendulkar Gymkhana Ground, 90 Feet Road, Mahavir Nagar, Kandivali (W), Mumbai 400067

**Rupesh G Vora :** 401, Amrut Legacy, Sarojini Road Near Ram Kutir, Vile Parle (W), Mumbai -400056

**Yashvantbhai Maganlal Ramani :** C/102 Sumer Nagar, Building No 3, Near Fly Over- Kora Kendra, Borivali (W), Mumbai- 400 092

**Rajeshbhai Kantilal Savdiya :** C-2, R Wing, Flat No.76, 1st Floor, Mahavir Nagar Co.Op.Hsg.Society, Shankar Lane, Kandivali (W), Mumbai - 400067.

# શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ
## SHRI GHATKOPAR MANDAL SAMAJ UTKARSH TRUST

મેડિકલેઇમ પ્રીમિયમ ભરવા બાબત:
<u>સાલ ૨૦૨૩-૨૪ માટેનું પ્રીમિયમ ભરવા માટેના સેન્ટરો અને અન્ય અગત્યની સૂચના:</u>

**સેન્ટરો ની વિગત તથા તારીખ અને સમય:-**

| નામ અને સરનામું | તારીખ | સમય | કોન્ટેક્ટ નંબર |
|---|---|---|---|
| ૧) શ્રી હર્ષદભાઈ જ વોરા<br>ચિરાગ સ્ટોર્સ, આત્મવલ્લભ બિલ્ડીંગ-૮<br>આચોલે રોડ નાલાસોપારા (પૂર્વ) ૪૦૧૨૦૯ | ૦૫-૦૩-૨૦૨૩ | સવારે ૧૦ થી બપોરે ૧૨ સુધી | ૮૭૯૩૭૨૬૬૮૩ |
| ૨) શ્રી મનીષભાઈ તથા શ્રી ધવલભાઈ<br>વસા પેકેજીંગ, ૯૦ ફિટ રોડ, ભાયંદર વેસ્ટ | ૦૫-૦૩-૨૦૨૩ | સવારે ૧૦ થી બપોરે ૧૨ સુધી | ૯૦૨૨૯૦૯૯૫૭<br>૯૮૨૦૫૮૫૧૪૮ |
| ૩) શ્રી શૈલેષભાઇ વ્રજલાલ વોરા<br>રાજેશ્વરી પ્રોપર્ટી, C/o.આરતી ઘરઘંટી<br>શોપ નંબર-૭ પંચવટી બિલ્ડીંગ,<br>એસ. વી . રોડ , બેંક ઓફ બરોડા ની સામે<br>કાંદિવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૬૭ | ૦૫-૦૩-૨૦૨૩ | સવારે ૧૦ થી બપોરે ૧૨ સુધી | ૯૮૨૧૦૪૫૪૨૨ |
| ૪) શ્રી પરિમલભાઈ ભીમાણી<br>શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ<br>સી-૧૮ ભગત એસ્ટેટ, વલ્લભબાગ ક્રોસ લેન,<br>(એમ પી વૈદ્ય માર્ગ) ઘાટકોપર (પૂર્વ )મુંબઈ-૪૦૦૦૭૭ | ૧૨ -૦૩-૨૦૨૩ | સવારે ૧૦ થી બપોરે ૧૨ સુધી | ૯૮૯૨૫૯૭૯૯૬ |

<u>નોંધ:</u>

૧) પ્રીમિયમ ભરીને રસીદ (કાઉન્ટર) લઈને સાચવી ને રાખવું.
૨) પ્રીમિયમ નોટિસ આપના રજિસ્ટર્ડ એડ્રેસ ઉપર આપને મળી જશે જેમાં પૂરતી વિગત હશે, તમારે જે કોઈ ફેરફાર હોય તો આ નોટિસ ઉપર પૂરતી કાળજી સાથે જણાવી શકશો.
૩) તારીખ ૧૨-૦૩-૨૦૨૩ ના ઘાટકોપર સેન્ટરે સવારે ૧૦ થી બપોરે ૧૨ વાગ્યા સુધીપ્રીમિયમ ભરી શકાશે બાદમાં કોઈ પ્રીમિયમ લેવામાં આવશે નહિ
૪) કોઈપણ સંજોગોમાં આપને પ્રીમિયમ નોટિસ ન મળી હોય તો પણ ઉપર જણાવેલ કોઈ પણ સેન્ટરે થી ફોર્મ ભરીને પ્રીમિયમ ભરી શકાશે
૫) પ્રીમિયમ ની રકમ ફક્ત ચેક મારફતે ભરી શકાશે
૬) ચેક 'SHRI GHATKOPAR MANDAL SAMAJ UTKARSH TRUST' નામનો બનાવવાનો છે

લી. શ્રી ઘાટકોપર મંડળ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ વતી
શ્રી ધીરેનભાઈ દેવચંદભાઈ વસા
ટ્રસ્ટી

# પરિવર્તન

**પ્રવિણભાઈ વસા (અમદાવાદ)**

આતંરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, સામાજિક કે વ્યક્તિગત જીવનમાં અનેક ખાટા-મીઠાં પ્રસંગો - બનાવોના સંસ્મરણો આપણા માટે છોડી ૨૦૨૨ના વર્ષે વિદાય લેશે અને ૨૦૨૩ના વર્ષનું આગમન થશે.

નિજી ધર્મને અકબંધ રાખીને અન્ય ધર્મના સારા તત્વોનો સ્વીકાર એ પ્રભુ મહાવીરના સ્યાદવાદને અનુરૂપ છે. પાશ્ચાત્ય જગત વિશે ગમે તે કહીએ પરંતુ એક યા બીજા સ્વરૂપ કે હેતુગત ૩૧મી ડિસેમ્બરની મધ્યરાત્રીની ૦-૦૧ મિનીટની પહેલી પળનો નવા વર્ષની પળ તરીકેના સ્વીકારનો વ્યાપ વધી રહેલ છે. આમાંથી અસ્વીકૃત તત્વોની બાદબાકી કરીને આ ક્ષણને નવા વર્ષની ક્ષણ તરીકે સ્વીકારી 'નવું વર્ષ સહુને સુખરૂપ નિવડો' તેવી ભાવના દાખવવી તે અયોગ્ય નથી. આવી ભાવના કે શુભેચ્છા 'સર્વે ભદ્રાણી પશ્યંતુ' કે 'સર્વ જગ સુખ વરો, પાપ કોઈ ન આચરો'ની આપણી જૈન ભાવના સાથે સુસંગત છે. પુણ્ય અને પાપની ફળશ્રુતિ રૂપ જ સુખ અને દુઃખ છે. એટલે જ્યારે આપણે કોઈ પ્રત્યે 'સુખી થાઓ' તેવી ભાવના ભાવીએ છીએ. ત્યારે 'પાપથી દૂર રહો' એવી ભાવના અભિપ્રેત છે. વળી 'પાપથી દૂર રહેવું' એ દરેક ધર્મનું હાર્દ છે. આ હાર્દને ધ્યાનમાં રાખીને 'નવું વર્ષ સૌને સુખરૂપ નિવડો' તેવી પ્રાર્થના.

વ્યવહારિક દ્રષ્ટિએ કોઈ નિશ્ચિત દિવસની નિયત પળને આપણે નવા વર્ષની પળ તરીકે વધાવીએ છીએ પરંતુ સૂક્ષ્મ દ્રષ્ટિએ તે પળે પળે આવતા પરિવર્તનનો ભાગ છે. નિરંતર વહ્યા કરતો કાળનો પ્રવાહ તે પરિવર્તન જ છે.

પરિવર્તન એ સંસારનો નિયમ છે. આખાએ બ્રહમાંડમાં કોઈ એવો પદાર્થ નથી કે જે પરિવર્તનને આધીન ન હોય. પરિવર્તન એ કાળ ધર્મ છે; નિત્ય છે અને પદાર્થો અનિત્ય છે. પદાર્થો આ પ્રક્રિયાના ભાગરૂપે ઉત્પન્ન થાય છે. પરિવર્તનમાં પરિવર્તન પામે છે. અને તેના જ ભાગરૂપે વિલય પામે છે.

પરિવર્તન એ જ જીવન છે. સ્થગીતતા મૃતસ્થિતિનું બીજું નામ છે. મૃત્યુ પણ તેનું જ પરિણામ છે. એટલે આ નિયમને સ્વીકારીને ચાલવું તેમાં જ ડહાપણ છે. જો દુનિયા આ નિયમથી આવૃત ન હોય તો જીવન દોજખ બની જાત. અરે જીવન, જીવન જ હોત કે કેમ તે પણ શંકા છે. આ પ્રક્રિયા પળે પળે ચાલુ હોય છે. પરંતુ હંમેશા તત્કાળ દ્રવ્યમાન નથી. તેથી તેને લીધે ઊભો થતો તફાવત પ્રત્યક્ષ થતો નથી. બાળક જન્મે છે અને તે હરપળે મોટું થતું જાય છે. આ પ્રક્રિયા પરિવર્તનની છે. પરંતુ તેને પ્રત્યક્ષ કરી શકાતું નથી. બાળકમાં આવેલ ફરક મહીને, છ મહિને કે વરસે દેખાય છે. આપણે બધા જ જીવનની એક જ દિશામાં ગતિ કરી રહ્યા છીએ પરંતુ આ ગતિને કારણે ઊભા થતા રોજેરોજના આપણા બાહ્ય તફાવતને આયનામાં જોઈ શકતા નથી. પરંતુ દશ વર્ષ પહેલાંનો ફોટો જોઈએ છીએ ત્યારે પરિવર્તન પ્રત્યક્ષ થાય છે.

આ પ્રક્રિયા ધીમી હોઈ શકે છે અને ઝડપી પણ હોઈ શકે છે. તેની ગતિને માપવા કોઈ પારાશીશી નથી. પરિવર્તન એક પ્રક્રિયા છે. તેને સારા કે ખરાબપણાની સાથે કંઈ લેવા દેવા નથી. પરિવર્તનનું પરિણામ સારૂં પણ હોય અને ખરાબ પણ હોઈ શકે. વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે થતી પરીવર્તનની અસર માત્ર ઔદ્યોગીક પૂરતી મર્યાદિત નથી રહેતી પરંતુ સમાજના આર્થિક, સામાજિક, કૌટુંબિક અને આરોગ્ય વગેરે પાસાઓ પર પણ પડે છે. તેનો માત્ર એક જ દાખલો લઈએ. ઓટોમોબાઈલ ક્ષેત્રે આવેલ પરિવર્તનને કારણે મહિલાઓની ગતિશીલતા (મોબીલીટી) જે મર્યાદિત હતી, તેમાં મોકળાશ આવી. ગઈકાલ સુધી ઘરની ચાર દિવાલોમાં પૂરાઈ રહેતી મહિલાઓ આજે પોતાની પૂરેપૂરી ક્ષમતાના ઉપયોગ સાથે પુરૂષ સાથે ખભે ખભા મિલાવી આર્થિક સહયોગ આપી રહી છે. સ્ત્રીઓ રસોડામાંથી બહાર નીકળીને આર્થિક અને સામાજિક ક્ષેત્રના રાજમાર્ગ ઉપર દોડી રહી છે. ઉચ્ચ શિક્ષણ માટેની ભુખ વધી છે. શિક્ષીત માતા પોતાના બાળકને પણ શિક્ષીત બનાવે છે. આ રીતે આખાયે સમાજનું શૈક્ષણિક સ્તર ઉચ્ચુ આવી રહ્યું છે.

ઈલેક્ટ્રોનિક અને ડીઝીટલ ટેક્નોલોજીક ક્ષેત્રે પ્રગતિને કારણે અનેક ધંધા રોજગાર વધ્યા છે. પરિણામે આર્થિક આંક ઉચ્ચો આવ્યો છે. પરંતુ આ હકીકતે કૌટુમ્બિક ભાવનાને છીન્નભિન્ન કરી નાંખી છે. આર્થિક સધ્ધરતાએ કુટુંબમાં માનસિક દબાણ વધારી વિભક્ત કર્યુ છે. નાણાંકીય છૂટને કારણે આધુનિક બનતી જતી વેશભૂષા એ મર્યાદા ઓળંગી છે. ખોટા ખાનપાનને કારણે આરોગ્ય કથળ્યું છે. બચતની ફૂલસૂફીએ દેશવટો લીધો છે. કમાયા પહેલાં ખર્ચ કરવાની વૃત્તિ વધી છે. ચાર્વાકની ''ઋણમ્ કૃત્વા ઘૃતમ્ પિબેત્ - દેવું કરીને ઘી પીવુ (મોજમઝા કરવી)'' ફીલસુફીએ યુવાન માનસનો કબજો લીધો છે. આ બધાંની વચ્ચે વિના કારણ વડીલ વર્ગ પીસાય છે. ગઈકાલ સુધી બે પેઢી વચ્ચેનો જે વિચાર ભેદ ૧૦ ટકા હતો તે આજે ૯૦ ટકા થઈ ગયો છે. બે પેઢી વચ્ચે વિચાર-ભેદની દિવાલ ઉભી થઈ છે. પરિણામે બધાના જીવનમાં ઘર્ષણ ઉભા થયાં છે. વૃધ્ધાશ્રમોની સંખ્યા વધી છે.

આમ છતાં એક વાસ્તવિકતાને સમજવાની અને સ્વીકારવાની જરૂર છે. કે યુવા પેઢીને વડીલો પ્રત્યે વહાલ નથી તેવું નથી. બાળકોને માતા-પિતા પ્રત્યેનો અને માતા-પિતાને બાળકો પ્રત્યેનો પ્રેમ 'કુદરતી પ્રેમ' છે, પરંતુ આધુનિક જીવન પધ્ધતિના વિષચક્રમાં દૃષ્યમાન થતો નથી. જે છે તે આજની જીવન પધ્ધતિ છે. આ પરિવર્તન વ્યક્તિગત નથી પરંતુ આખાયે સમાજમાં આ પરિવર્તનનો પવન ફૂંકાયો છે. આ વસ્તવિકતાને સમજી પરિસ્થિતિ સાથે સુલેહ કરવામાં ન આવે તો જરૂરથી રડવાનું આવશે. વડીલોએ અભિગમ સુધારવાની જરૂર છે. વડીલો સમાધાન કરીને અર્ધે રસ્તે આવશે તો વિચારોનું અંતર અને ઘર્ષણ ઘટી જશે પરંતુ જડતાથી પોતાની જરી-પુરાણી ગ્રંથિઓને વળગી રહેશે, તો ઝડપી પરિવર્તનના કારણે બે પેઢીનું અંતર વધતું જશે. સમયના પરિવર્તન સાથે વડીલોના અભીગમમાં ઝડપી પરીવર્તન નહીં આવે તો કદાચ અંતર એટલું વધી જશે કે ક્યારેય કાપી શકાશે નહીં. વિચારભેદની દિવાલ એટલી ઉચ્ચી હશે કે ક્યારેય ઓળંગી શકાશે નહીં. સમયની શક્તિને ઓળખવાની જરૂર છે. સમય અને ભરતી કોઈની રાહ જોઈને મોકુફ રહેતા નથી. જો જો મોડું ન થઈ જાય....

# ORACLE INTERNATIONAL

**(An ISO9001:2015 TUV CERTIFIED Company)**
**Manufacturer & Exporter of Brass Components**

**Contact Person :**
**Mr. Jay Shah (Director)**
**Mobile : +91 96246 40055**



**Contact Person :**
**Mr. Dhaval Shah (Director)**
**Mobile : +91 99042 24204**

## Factory & Head Office :

Plot No.-10, Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump, Near Kansumra Jamnagar - 361005,
Gujarat (India)Tel. No. (0288) 2568527 / 2568528.
**Email :** info@oracleint.com / sales@oracleint.com
**Website :** www.oracleint.com

Sister Concern :

## M/s. Everest Brass Industries

**Factory & Head Office :**

Works - Plot No.10,
Hari Om Industrial Estate
Behind Essar Petrol Pump,
Near Kansumra, Jamnagar - 361005, Gujarat
M. : +91 9428860154 / 9328218008
**Email :** everestbrass@gmail.com

**Mumbai Office :**

Mr. Jayesh Vasa,
C-4, 1st Floor, Shreyas Apt.,
Ashok Road, Near Damodarwadi,
Kandivali (E), Mumbai - 400101.
Mobile : +91 9322266714
Email : jvasa05gmail.com

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ-મુંબઈ તા.૨૮-૧૨-૨૦૨૨ શ્રી તારાચંદ ધનજી મહેતા તબીબી રાહત ફંડ**

૨૫૦૦/- શ્રી જીતેન્દ્રભાઈ મોહનલાલ મહેતા હૈદરાબાદ તરફથી ચિ.ચાર્મીના લગ્ન પ્રસંગે ભેટ

૨૫૦૦/- શ્રી હસમુખભાઈ મનસુખલાલ વોરા કાંદિવલી તરફથી સ્વ.મધુબેન હસમુખભાઈ વોરાના આત્મશ્રેયાર્થે

૧૦૦૧/- સ્વ.જશવંતીબેન દ્વારકાદાસ કુંવરજી વોરા પરિવાર તરફથી સ્વ.જશવંતીબેનના આત્મશ્રેયાર્થે

૨૫૦૦/- શ્રી જશ્મીનભાઈ લલિતભાઈ ઓધવજી શેઠ તરફથી ચિ.પ્રતીતીના લગ્ન પ્રસંગે

૧૦,૦૦૦/- શ્રીમતી નીલમબેન હરિલાલ મહેતા તરફથી ભેટ

૨૫૧/- શ્રી ભાવિનભાઈ સુરેશભાઈ મહેતા તરફથી શ્રી ભાવિનભાઈ તથા શ્રીમતી કિંજલબેનના અઠ્ઠાઈ તપ નિમિત્તે

૨૫૦/- શ્રીમતી જયોત્સનાબેન અનિલભાઈ મહેતા તરફથી સ્વ.અનિલભાઈના આત્મશ્રેયાર્થે

**અનાજ વિતરણ ખાતે**

૧૦૦૧/- શ્રીમતી નિર્મળાબેન ચુનીલાલ વસા પરિવાર તરફથી સ્વ.નિર્મળાબેન ચુનીલાલ વસાના આત્મશ્રેયાર્થે

૨૫૧/- શ્રી વિરેશભાઈ વિનયચંદ્ર મહેતા તરફથી હાર્દિકના શુભ લગ્ન પ્રસંગે ભેટ

૧૦૦૦/- શ્રી પ્રમોદભાઈ જેચંદભાઈ વસા પરિવાર તરફથી શ્રી પ્રમોદભાઈ વસાના આત્મશ્રયોર્થે

૫૦૦/- શ્રી જયકરભાઈ શાંતિલાલ મહેતા તરફથી ચિ.જીગરભાઈના માસક્ષમણ નિમિત્તે ભેટ

૫૦૦/- શ્રી તારાચંદ પરષોત્તમ શેઠ પરિવાર તરફથી સ્વ.શશીકાંત જમનાદાસ શેઠના આત્મશ્રેયાર્થે

૧૦,૦૦૦/- શ્રીમતી નીલમબેન હરિલાલ મહેતા હસ્તે હરિલાલ ગીરધરલાલ મહેતા તરફથી ભેટ

૨૫૧/- શ્રી ભાવિનભાઈ સુરેશભાઈ મહેતા તરફથી શ્રી ભાવિનભાઈ તથા શ્રીમતી કિંજલબેનના અઠ્ઠાઈ તપ નિમિત્તે

૨૫૦/- શ્રીમતી જયોત્સનાબેન અનિલભાઈ મહેતા તરફથી સ્વ.અનિલભાઈના આત્મશ્રયાર્થે

૧૦૦૦/- શ્રી જતીનભાઈ કોરડીયા તરફથી અ.સૌ. ભાવિ કોરડીયાના માસક્ષમણ પ્રસંગે

૧૦૦૦/- શ્રી હરીશભાઈ શરદચંદ્ર વસા તરફથી સ્વ.વર્ષાબેન હરીશભાઈ વસાના આત્મશ્રેયાર્થે

૧૦૦૧/- શ્રી રૂપેશભાઈ વોરા તરફથી નૂતન ગૃહમાં પ્રવેશ નિમિત્તે

૨૫૧/- શ્રી દિનેશભાઈ નરભેરામ દોશી તરફથી નૂતન ગૃહમાં પ્રવેશ નિમિત્તે

૫૦૧/- શ્રી નીરવભાઈ અરવિંદભાઈ પારેખ તરફથી સ્વ.અરવિંદભાઈ પારેખના આત્મશ્રેયાર્થે

**આર્થિક સહાય ખાતે**

૧૦૦૦/- શ્રીમતી ગુણિયલબેન શાંતિલાલ કોરડીયા તરફથી જીવિત મહોત્સવ પ્રસંગે ભેટ

૧૫૦૦/- શ્રી મધુકાંત હેમચંદ ભીમાણી તરફથી સ્વ.મંજુલાબેન મધુકાંત ભીમાણીના આત્મશ્રેયાર્થે

૨૦૦/- શ્રી નરેન્દ્રભાઈ ચંદુલાલ દોશી તરફથી અ.સૌ.ગીતાબેનના ઉપધાન તપ નિમિત્તે

૧૦૦૦/- શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતા તરફથી શ્રી વિનોદભાઈ તથા શ્રીમતી નયનાબેનના પાલીતાણાના ચાતુર્માસ પ્રસંગે

૧૫૦૦/- શ્રી સાગરભાઈ એસ. કોરડીયા તરફથી ચિ.મૈત્રી તથા ચિ.સાગરના લગ્નપ્રસંગે ભેટ

૧૫૦૦/- મેસર્સ સુરેશ લાઈટ હાઉસ તરફથી ચિ.મૈત્રીબેન અને ચિ.સાગરના લગ્ન પ્રસંગે ભેટ

૨૫૦/- શ્રી અશોકભાઈ મોહનલાલ વસા તરફથી અ.સૌ.શ્રીમતી હર્ષાબેનના માસક્ષમણ પ્રસંગે

૧૦૦૦/- શ્રી સતિષભાઈ પ્રભુદાસ મહેતા તરફથી સ્વ.નીરૂબેનના આત્મશ્રેયાર્થે

૫૦,૦૦૦/- શ્રી રાજેશભાઈ છગનલાલ ભણશાલી તરફથી ભેટ

૫૦,૦૦૦/- શ્રી સુનિલભાઈ રમણીકલાલ વસા તરફથી ભેટ

૫૦,૦૦૦/- શ્રી આશિષભાઈ ધીરજલાલ વોરા તરફથી સ્વ.ધીરજલાલ નરોત્તમદાસ વોરાના આત્મશ્રેયાર્થે

૫૦,૦૦૦/- અ.સૌ.શ્રીમતી પરિતા આશિષભાઈ વોરા સ્વ. ધીરજલાલ નરોત્તમદાસ વોરાના આત્મશ્રેયાર્થે

૫૦૦/- શ્રી પરાગભાઈ ચંદ્રકાન્ત પારેખ તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે

## અવસાન નોંધ

**શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મરણ**

પોરબંદર નિવાસી હાલ કાંદિવલી સ્વ. કાન્તીલાલ છોટાલાલ સાવડીયાના ધર્મપત્ની ગં.સ્વ. કંચનબેન ઉંમર વર્ષ ૮૩ તે તારીખ ૦૪-૧૧-૨૦૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે. તેઓ શ્રી રાજેશભાઈ, નીતાબેન તથા અલકાબેનના માતુશ્રી તથા નિશાબેન, હિંમતકુમાર તથા રાજેન્દ્રકુમારના સાસુ તથા શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયાના કાકી તેઓ ઝરીયા નિવાસી શ્રી અમુલખ પ્રેમચંદ રામાણીની દીકરી હતા.

રાણપુર ભેસાણ નિવાસી હાલ રાજકોટ વિનોદરાય જયસુખલાલ નાગજી કોરડિયાના ધર્મપત્ની અંજનાબેન (અજીબેન) ઉ.વ.૮૦ તે મજેવડી નિવાસી સ્વ.દલીચંદ જગજીવન મહેતાના દિકરી, પરેશભાઈ, મુકેશભાઈ તથા શૈલેષભાઈના માતુશ્રી, મીતલબેનના સાસુ તથા યશના દાદીમાં, પ્રિતમભાઈ દલીચંદ મહેતા (થાણા)ના બહેન તા.૧૬-૧૨-૨૦૨૨ શુક્રવારના રોજ અરિહંતશરણ પામેલ છે.

સરદારગઢ નિવાસી હાલ મીરારોડ સ્વ.મૃદુલાબેનના પતિ અરવિંદભાઈ ન્યાલચંદ પારેખ (ઉ.વ.૮૦) તે સ્વ.રાજેષ, નિરવ તથા નિલ્પાના પિતાશ્રી, નિકુંજ દિલીપભાઈ શાહ, જલ્પાબેન તથા ખ્યાતિબેનના સસરા, તેઓ રમણીકલાલ, સ્વ.પ્રાણલાલ, ધીરજલાલ, સરોજબેન રસીકલાલ સંઘવી, ચંદ્રકાંતભાઈ તથા સ્વ.જગદિશભાઈના ભાઈ તે સ્વ.બાલાભાઈ, વિપીન શામજી શેઠ, સ્વ.મંજુલાબેન નગીનદાસ મહેતા તથા સ્વ.પુષ્પાબેન કાંતિલાલ શેઠના બનેવી, તે રિધ્ધિ અંકિત પટેલ, જોલીન, હર્ષિલ તથા ભવ્યના દાદા તા.૧૬-૧૦-૨૨ રવિવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

પંથલી સોરઠ નિવાસી હાલ ઘાટકોપર સ્વ.મુક્તાબેન વૃજલાલ દામોદરદાસ મહેતાના સુપુત્ર બિપીનભાઈ (ઉ.વ.૭૦) તે શોભનાબેનના પતિ, પ્રશાંત તથા શ્વેતા ધીમંત શાહના પિતાશ્રી, સ્વ.મંજુલાબેન છોટાલાલ શેઠના જમાઈ, મહેન્દ્રભાઈ, સ્વ.પુષ્પાબેન, સ્વ.ઈન્દુબેન, સ્વ.લતાબેન, સ્વ.ચંદ્રિકાબેન તથા ભાનુબેનના નાનાભાઈ, અયાન, પ્રિયાંશીના દાદા-નાના તા.૩૧-૧૨-૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

જુનાગઢ નિવાસી (હાલ-કેનેડા) શ્રી ધીરેનભાઈ શેઠ તે સ્વ.ઈશ્વરલાલ હરખચંદ શેઠ તથા મંગળાબેન શેઠના પુત્ર, નિતાબેનના પતિ, સ્વ.નવિનભાઈ, વસંતભાઈ, યતીનભાઈ, સ્વ.પિયુષભાઈ, શૈલેષભાઈ, શ્રીમતી ભાવનાબેન જી. શાહ, હંસાબેન જે. વોરાના ભાઈ તા.૨૨-૧૦-૨૨ના રોજ કેનેડા મુકામે અરિહંત શરણ પામેલ છે.

છત્રાસા નિવાસી હાલ ભાંડુપ શ્રી દિપેશભાઈ મધુસુદનભાઈ વોરા (ઉ.વ.૩૯) તે શ્રીમતી ભારતીબેન મધુસુદન વોરાના સુપુત્ર, શોભનાબેનના પતિ, વિશાલના ભાઈ, યશ્વીના પિતાશ્રી, મોસાળ પક્ષ : ધોરાજી નિવાસી હાલ ભાંડુપ અમૃતલાલ વલ્લભજી ખાખરા તા.૨-૧૨-૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

પંથલી સોરઠ નિવાસી હાલ ઘાટકોપર સ્વ.ભોગીલાલ તારાચંદ સંઘવીના ધર્મપત્ની હસુમતીબેન (ઉ.વ.૮૪) તે ડૉ.રજનીકાંત, હેમંત તથા રોહિતના માતુશ્રી, હેમા. દિના તથા સ્વ.માધવીના સાસુ. તે ડૉ.નેહલ, ધવલ, ડૉ.મનાલી, સાહિલ, વિનીતા, સુજય, વિક્તી તથા દર્શિલના દાદી. માયરા, આદિત તથા પનાયશાના પરદાદી. પિયરપક્ષે સ્વ.ગુલાબબેન ન્યાલચંદ પારેખના દિકરી, ધીરેન્દ્ર, કોકિલાબેન, ડો.જયંત, ડૉ.અરૂણા, કુસુમબેન જશુભાઈ, સ્વ.ડૉ.સરલા તથા પિયુષભાઈના બહેન. તા.૭-૧-૨૦૨૩ના રોજ અરિહંતશરણ પામેલ છે.

માખીયાળા નિવાસી હાલ સાંતાક્રુઝ-મુંબઈ સ્વ.સૌભાગ્યચંદ ત્રિભોવનદાસ ધોળકિયાના ધર્મપત્ની ઈન્દુમતિબેન (ઉ.વ.૮૨) તે સ્વ.નિતીનભાઈ, હર્ષદભાઈના માતુશ્રી, સીતાબેનના સાસુ, મનાલી-વિરલ, બીજલ-આકાશ, શિવાની, યસ, અદિતિ તથા રૂચીનના દાદી, સ્વ.દમયંતિબેનના દેરાણી, સ્વ.નિર્મળાબેન મહાસુખભાઈ વસા, સ્વ.લલીબેન મનસુખલાલ મહેતા તથા ગુણીબેન શાંતિલાલ કોરડિયાના ભાભી પિયરપક્ષે સ્વ.ચંપાબેન વરજીવનદાસ હાથીની દિકરી, સ્વ.કલ્પનાબેનના નણંદ તા.૨૯-૧૧-૨૦૨૨ના રોજ અરિહંતશરણ પામેલ છે.

વેરાવળ નિવાસી હાલ કાંદિવલી સ્વ.વૃજલાલ દેવચંદ મહેતાના ધર્મપત્ની નિર્મળાબેન (ઉ.વ.૯૦) તે ભરતભાઈ, સતીષભાઈ તથા ભદ્રેશભાઈ, રંજનબેન લાલચંદ દોશી, જ્યોતિબેન નરેશકુમાર વોરા તથા રૂપાબેન ધીમંતભાઈ ભણશાળીના માતુશ્રી, પુનિતાબેન, જયશ્રીબેન તથા મીનળબેનના સાસુજી, પીયરપક્ષ સ્વ.હિંમતલાલ પ્રભુદાસ સંઘવીના દિકરી તા.૨૯-૧૦-૨૦૨૨ શનિવારના રોજ અરિહંતશરણ પામેલ છે.

સરદારગઢ નિવાસી હાલ ભાયંદર સ્વ.લીલાવંતીબેન દિપચંદ પારેખના સુપુત્ર પ્રવિણકુમાર (ઉ.વ.૬૬) તે શોભનાબેનના પતિ, ખ્યાતિ, ભવ્યના પિતાશ્રી, ધવલ અને શીવાનીના સસરા, રમીલાબેન દિલીપભાઈ મહેતાના ભાઈ, સ્વ.તલકચંદ રામજી શાહના જમાઈ તા.૨૩-૧૨-૨૨ના રોજ અરિહંતશરણ પામેલ છે.

જામ મેવાસા - તોરી નિવાસી હાલ ઘાટકોપર અનિલભાઈ નાથાલાલ મહેતા (ઉ.ચ.૮૬) તે સ્વ.ઈન્દુમતિબેનના પતિ, ધર્મેન્દ્રભાઈ, શૈલેષભાઈના પિતાશ્રી, રૂપાબેન, શોભનાબેનના સસરા, મિહિર-કૃષ્ણા, શ્વેતા ધવલ શાહ, દિશા, સલોનીના દાદા, શ્વસુર પક્ષે સ્વ.ન્યાલચંદ વિરચંદ મહેતાના જમાઈ તા.૧૦-૧-૨૩ મંગળવારના રોજ અરિહંતશરણ પામેલ છે.

લેરિયા નિવાસી સ્વ.ગુલાબબેન ચુનીલાલ શેઠના પુત્રવધુ

ભારતીબેન (ઉ.વ.૬૧) તે સતીષભાઈના ધર્મપત્ની, વિનિત તથા નિશિતાના માતુશ્રી ચીંતનકુમારના સાસુ, પ્રવિણાબેન - વિનોદરાય, ચંદ્રકાંતભાઇ - રંજનબેન, પ્રદિપભાઇ - ગીતાબેન, રમેશભાઈ - સાધનાબેન, હેમેન્દ્રભાઈ -સંગીતાબેનના ભાભી. પિયર પક્ષે સ્વ.જયાબેન છબીલદાસ હીરાચંદ વોરાના દિકરી તા.૧૭-૧૨-૨૦૨૨ના રોજ નાગપુર મુકામે અરિહંતશરણ પામેલ છે.

કોલકી નિવાસી હાલ કલકતા (પટના) સ્વ.અમુલખભાઈ જગજીવન શાહના પુત્રવધુ લીલમબેન દલસુખરાય શાહ (ઉ.વ.૭૯) તે સ્વ.મગનભાઈ, સ્વ.કાંતિભાઈ, સ્વ.જયવંતભાઈ, સ્વ.જયંતિભાઈ, સ્વ.કિશોરભાઈ, લલીતભાઈ, સ્વ.પુષ્પાબેન ગુલાબચંદ કોઠારી, હિરાબેન રસીકલાલ ભણશાળી, ઈન્દુબેન શાંતિલાલ મહેતા તથા સરલાબેન ભુપેન્દ્રભાઈ શાહના ભાભી, પિયર પક્ષે ધોરાજી નિવાસી અંતિમચંદ ઝવેરચંદ વોરાના દિકરી તા.૧૪-૧૧-૨૨ના રોજ અરિહંતશરણ પામેલ છે.

વાડોદર નિવાસી હાલ ઘાટકોપર વોરા પ્રભાબેન છગનલાલ કાળીદાસના સુપુત્ર કનુભાઈ (ઉ.વ.૬૫) તે સ્વ.નરેન્દ્રભાઈ, સ્વ.હરકિશનભાઈ, સ્વ.કિશોરભાઈ, અ.સૌ.તૃપ્તીબેન હિમાંશુભાઈ મહેતાના ભાઈ, તે ધીરેન, વિવેક, જયુબેન મનીષકુમાર વસા, નેહલ ધર્મેશકુમાર રાયઠઠ્ઠા, એશા અતુલ ઠક્કર, શૈલી, દિશા, ચાર્મીના કાકા, તા.૧૪-૧૨-૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે. (ચક્ષુદાન કરેલ છે)

મોટા દેવળીયા નિવાસી હાલ ઘાટકોપર શ્રી મનસુખલાલ હેમચંદ ભીમાણી (ઉ.વ.૯૫) તે સ્વ.ભાનુબેનના પતિ, સ્વ.વિરેન્દ્રભાઈ, પરિમલભાઈ, મુકેશભાઈ, રેખાબેન રોહિતકુમાર દોશી અને પિયુષભાઈના પિતાશ્રી. તે પ્રેરણાબેન દર્શનાબેન નિષીતાબેન તથા અલકાબેનના સસરા. સ્વ.નાથાલાલ, સ્વ.અમૃતલાલ, મધુકાંતભાઈ તથા સ્વ.હિરાબેન પ્રેમચંદ દોશીના ભાઈ, શ્વસુર પક્ષે પાટણવાવ નિવાસી સ્વ.પોપટલાલ જુઠાભાઈ વસાના જમાઈ તા.૨-૧૨-૨૨ના રોજ અરિહંતશરણ પામેલ છે.

જુનાગઢ નિવાસી હાલ મુંબઈ મંજુલાબેન સંઘવી (ઉ.વ.૭૧) તે સ્વ.હિરાબેન અમૃતલાલ તારાચંદ સંઘવીના દિકરી, સ્વ.રમેશભાઈ, સ્વ.ચંદ્રકાંતભાઈ, મધુબેન, સ્વ હંસાબેન, ભારતીબેન તથા મીનાબેનના બહેન, જીજ્ઞાબેન તથા સ્વ.હંસાબેનના નણંદ, મોસાળપક્ષે સ્વ.વાલજી લક્ષ્મીચંદ વોરાના દોહિત્રી તા.૨૯-૧૦-૨૨ના રોજ અરિહંત શરણ પામેલ છે.

દેરડી કુંભાજી નિવાસી હાલ રાજકોટ અનંતરાય અમૃતલાલ શાહના ધર્મપત્ની મીનાબેન, તે વિનયચંદ્ર, જ્યોતિન્દ્રભાઈ તથા વિજયભાઈના ભાભી, ચેતન, ધર્મેન્દ્ર, હિતેષ અને ફાલ્ગુની વિમલકુમાર શાહના માતુશ્રી તે વિમલ નરેન્દ્રભાઈ શાહના સાસુ. પિયરપક્ષે મોહનલાલ કલ્યાણજી દોશીના દિકરી, રમેશભાઈ તથા બકુલભાઈના બહેન તા.૧૬-૧-૨૦૨૩ સોમવારના રોજ અરિહંતશરણ પામેલ છે.

વડાલ નિવાસી હાલ જુનાગઢ જ્યોતિબેન કિરીટભાઈ અમૃતલાલ મહેતાના સુપુત્ર ભાવિનભાઈ (ઉ.વ.૩૭) તે રાજવીના પતિ, હેતના પિતાશ્રી, નિશાબેનના ભાઈ, અરૂણભાઈ પ્રફુલ્લભાઈ વિરેન્દ્રભાઈ તથા સ્વ.હર્ષાબેનના ભત્રીજા, શ્વસુરપક્ષે મોટી પાનેલી નિવાસી હાલ રાજકોટ સોનલબેન ગીરીષભાઈ મહાસુખલાલ શાહના જમાઈ તા.૧૯-૧-૨૦૨૩ ગુરૂવારના રોજ અરિહંતશરણ પામેલ છે.

ગોંડલ નિવાસી સ્વ.નાથાલાલ વનમાળીદાસ કોરડીયાના પૌત્ર તથા લલિતકુમાર નાથાલાલ કોરડીયા તથા સ્વ.મેઘાબેન લલિતકુમાર કોરડીયાના પુત્ર તથા કૃપાલી, લબ્ધિના ભાઈ ચિ.અભીનું (ઉ.વ.-૨૪)નું દુઃખદ અવસાન થયેલ છે. મો.:૯૪૨૭૫૬૧૮૩૧

## ડૉ.શાંતિલાલ રતીલાલ કોરડીયા મેડીકલ સહાય યોજના

૧૫૦૦/- માતુશ્રી નિર્મળાબેન વ્રજલાલ મહેતા પરિવાર તરફથી સ્વર્ગસ્થ નિર્મળાબેન વ્રજલાલ મહેતાના આત્મશ્રેયાર્થે

## મુખપત્ર ને ભેટ

૧૦૦૦/- માતુશ્રી નિર્મળાબેન વ્રજલાલ મહેતા પરિવાર તરફથી સ્વર્ગસ્થ નિર્મળાબેન વ્રજલાલ મહેતાના આત્મશ્રેયાર્થે

૨૫૦/- શ્રી ચંદ્રકાન્તભાઈ વોરાની પૌત્રી ચિ.નિધિ શાલિભદ્ર વોરાના લગ્નપ્રસંગે

૫૦૦/- શ્રી પિયુષ વિનોદરાય મહેતા તરફથી ચિ.રીતુ ના લગ્નપ્રસંગે

## સમાજને ભેટ

૨૫૦/- શ્રી રમણીકલાલ ગુલાબચંદ મહેતા નૂતન ગૃહપ્રવેશ નિમિત્તે

૨૫૦૦/- માતુશ્રી નિર્મળાબેન વ્રજલાલ મહેતા પરિવાર તરફથી સ્વર્ગસ્થ નિર્મળાબેન વ્રજલાલ મહેતાના આત્મશ્રેયાર્થે

૧૦૦૧/- શ્રી અરવિંદભાઈ ન્યાલચંદ પારેખ તરફથી અરવિંદભાઈ ન્યાલચંદના આત્મશ્રેયાર્થે

૫૦૦/- શ્રી ચંદ્રકાન્તભાઈ વોરા તરફથી પૌત્રી નિધિ શાલિભદ્ર વોરાના લગ્ન પ્રસંગે

૫૦૦/- શ્રી પિયુષભાઈ વિનોદરાય મહેતા ચિ.રીતુના લગ્ન પ્રસંગે

૫૦૦/- શ્રી પરાગભાઈ ચંદ્રકાન્ત પારેખના નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે

# શ્રદ્ધાંજલિ







## મહેન્દ્રભાઈ પોપટલાલ વોરા

**જન્મ : તા. ૧૭-૧૨-૧૯૪૩ સ્વર્ગવાસ : તા. ૫-૧૧-૨૦૦૭**

**મૂળ વતન : ધોરાજી (મોટીમારડ), હાલ : મુલુન્ડ**

*તમે આપેલ હિતશિક્ષાના, સમતાના વચનો હજીએ ગુંજે છે કાનમાં,*

*ભણો, ગણો, આગળ વધો, ફલો, ફુલો જનકલ્યાણમાં.*

*કંઈક સંકટના કંટક વેઠી, સંસ્કારો રેડ્યા અમ જીવનમાં,*

*તમારી સ્નેહભરી સ્મૃતિઓ, ઉચ્ચતમ ભાવો,*

*યશસ્વી જીવનની યાદગાર પળો, હરપળ યાદ આવો.*

*સતત અમ ઉપર વરસતા રહે, આપના આશિષ.*

**આપને અમારા સર્વેની હૃદયપૂર્વક ભાવાંજલિ**

**લિ.**

માતુશ્રી - **મંછાબેન,** ધર્મપત્ની - **ચંદ્રિકાબેન**

**નીલેશ-બીના, નીપુલ-રાજુલ**

**રીયા, શીલ, જીયા, ધૈર્ય**

**પ્રીતિ નયન શેઠ, તૃપ્તિ હિતેશ શાહ**

**ફોરમ-ભવ્યા, વૃદ્ધિ-મીતી**

Kayami/November

## -: મુખપત્રના લવાજમના દરો :-

વધતા જતા પેપર ના ભાવ તથા અન્ય ખર્ચમાં ખૂબજ વધારો થવાથી તા.૦૧-૦૩-૨૦૨૩ થી આજીવન લવાજમના દરો રૂા.૨૭૦૦/- કરવામાં આવેલા છે.

જે મેમ્બર્સ આજીવન સભ્ય હતા અને અત્યારે તેઓ હયાત નથી તો તેમની મેમ્બરશીપ ઓટોમેટિક કેન્સલ થઈ જાય છે. તો નવા વારસદારો આપ સમાજમાં મેમ્બરશીપ ફી રૂા.૧૦૧/- અને આજીવન મુખપત્ર લવાજમાના રૂા.૨૭૦૦/- ભરી મેમ્બર થઈ જશો. તેવી આપ સહુને નમ્ર વિનંતી છે.

**: BANK DETAILS :**

**Name :**

**SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**

**: BANKER :**

Bank of Baroda, M. J. Market, Mumbai - 3

S.B. A/c No. 03870100000044

**IFSC :** BARB0BULLIO MICR : 40012047

## -: સુવિચાર :-

તમારી કિંમત એટલી જ રાખો જેટલી કોઈ ચુકવી શકે
જો મોંઘા થઈ ગયા તો એકલા પડી જશો

ભૂલ કરવા માટે કોઈપણ સમય સારો નથી
પરંતુ થઈ ગઈ ''ભૂલને'' સુધારવી હોય તો
કોઈપણ ''સમય'' ખરાબ નથી

જે આનંદ આપણે મેળવીએ તેનો થાક લાગે છે,
પરંતુ જે આનંદ આપણે બીજાને આપીએ છીએ
તેનો થાક કદીએ લાગતો નથી.

જ્ઞાનથી અભય, તપથી ગૌરવ, ગુરુસેવાથી જ્ઞાન અને યોગથી શાંતિ મળે છે.

કલ્યાણ ઈચ્છનારે ક્યારેય કુટુંબમાં કજિયો કે કંકાસ કરવાં નહિ.

જ્યારે મુશ્કેલીઓ આવી પડે ત્યારે સંકોચ વગર વડીલોનું માર્ગદર્શન મેળવો.

કારણ વગર જ બીજાના દોષો જોવા-કહેવા એ મહામૂર્ખતા છે.

માતા-પિતા, પ્રભુ અને ગુરૂને પગે લાગવાથી આયુષ્ય, વિદ્યા, યશ વધે છે.


સ્વ. ભગવાનદાસ દામોદર મહેતા
ગં.સ્વ. લીલાવંતીબેન ભગવાનદાસ મહેતા

CB : AAAFD3440MCH001

*Devkrupa* SHIPPING AGENECY

LICENCED CUSTOMS CLEARING, FREIGHT FORWARDING & SHIPPING AGENTS

DSA

*Its Thoughtful, its The DEVKRUPA*

**HEAD OFFICE :** Ground Floor, Shop No.17, A/4 Jai Vidyadani CHS.,
Marol Pipe Line Road, Om Nagar, Andheri (E), Mumbai - 400099

**M.:** +91 98205 57495 | **Email :** dsa@thedevkrupa.com | f : thedevkrupa

www.thedevkrupa.com

**Branches :** Ahmedabad / Delhi / Chennai / Bengaluru / Pune
**International Branches :** Moscow / St. Petersburg / Dubai

**HIND COLLECTIONS**
**(IMPORTS-EXPORTS-DISTRIBUTORS)**

**CONTACT : TEJASH MEHTA - +91 98190 28847**
**E-MAIL : HINDCOLLECT@GMAIL.COM**

# શ્રધ્ધાંજલી

: જન્મ :
તા.૧૫-૧૧-૧૯૨૧



: સ્વર્ગવાસ :
તા.૨૭-૧૨-૧૯૯૨

## સ્વ. શ્રી ન્યાલચંદ કપૂરચંદ પારેખ

**મૂળ વતન : સરદારગઢ**

સ્વ. શ્રી ન્યાલચંદ કપૂરચંદ પારેખનો જન્મ સોરઠના સરદારગઢ ગામે સને ૧૯૨૧માં થયેલો હતો. તેઓ સ્વ. શ્રી રાયચંદ વેલજી વસા, પાટણવાવવાળાની સુપુત્રી ગુલાબબેન સાથે લગ્નગ્રંથી જોડાઈ અને ૧૯૪૩ની સાલમાં મુંબઈ આવીને ઘાટકોપર ખાતે કુંટુંબીજનો સાથે વસવાટ કર્યો. મિલનસાર,શાંત અને મૃદુભાષી સ્વ.શ્રી ન્યાલચંદ કપૂરચંદ પારેખને પરિવારમાં ત્રણ સુપુત્રીઓ અને બે સુપુત્રો છે. તેમના પરિવારની આજની તારીખે કુલ ૪૨ જણાનાં પરિવારમાં તેમણે તેમના જીવનમાં અભ્યાસ,કરકસર,નિયમિતતાનાં સંસ્કારનું સિંચન કરેલ અને જેના પરિણામ રૂપે તેમના કુલ ૪૨ જણાનાં પરિવારમાં ૧૨ ડૉક્ટર, ૨ ચાર્ટડ એકાઉન્ટન્ટ અને ૫ એન્જીનિયર છે.

ત્રણ સુપુત્રી શ્રીમતી હસુમતીબેન ભોગીલાલ સંઘવી, શ્રીમતી કુસુમબેન જશુભાઈ લાખાણી (સીએ-યુએસએ), ડૉ.સરલાબેન પિયુષભાઈ કોઠારી (યુએસએ), બે સુપુત્રો શ્રી ધીરેન્દ્રભાઈ પારેખ - મુંબઈમાં અને ડૉ.જયંત પારેખ યુએસએમાં વસવાટ કરે છે.

**સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી પ્રભુ પાસે પ્રાર્થના**

**સ્વ.ગુલાબબેન ન્યાલચંદ પારેખ પરિવાર**

| | |
|---|---|
| **શ્રી ધીરેન્દ્ર ન્યાલચંદ પારેખ** | **ડૉ. જયંત ન્યાલચંદ પારેખ (યુએસએ)** |
| **શ્રીમતી કોકિલા ધીરેન્દ્ર પારેખ** | **ડૉ.અરુણા જયંત પારેખ (યુએસએ)** |
| **શ્રી મયંક ધીરેન્દ્ર પારેખ** | **શ્રી નિરજ જયંત પારેખ (યુએસએ)** |
| **શ્રીમતી વૈભવી મયંક પારેખ** | **શ્રીમતી સરીથા નિરજ પારેખ (યુએસએ)** |
| **કુમારી હીયા મયંક પારેખ** | **શ્રી મિલન જયંત પારેખ (યુએસએ)** |

**હિના પરાગ પટની, પરાગ કે.પટની, સાગર પરાગ પટની અને સ્મિત પરાગ પટની**

**મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ, બંગલો-બી, કામા લેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ -૪૦૦ ૦૮૭**

**મોબાઈલ : ૯૮૨૧૦ ૭૧૩૨૭**

Kayami/December

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ - બોરીવલી
# 'રજત જયંતિ સમારોહ'

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ બોરીવલીએ ૨૫ વર્ષ પૂર્ણ કર્યા તે નિમિત્તે **તા.૮ જાન્યુઆરી ૨૦૨૩**ના રોજ રવિવારે બોરીવલી હિન્દુજા હોલ ખાતે **રજત જયંતિ**ની ઉજવણીરૂપે ડાયરો વીથ ઓરકેસ્ટ્રાના સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ. મંડળના પ્રમુખ શ્રીમતી તુલાબેન કમલેશભાઈ મહેતા અને એમની કારોબારી કમીટીએ સુંદર ટીમવર્ક દ્વારા આ કાર્યક્રમને અનોખો બનાવ્યો. જેમાં પધારેલ દરેક વ્યક્તિનું સ્વાગત અનેરી રીતે કરવામાં આવ્યું. પુરુષોને ફુલ આપીને અને મહિલાઓને મોતીની માળા પહેરાવીને અભિવાદન કરવામાં આવ્યુ. સભ્યબહેનો પાર્ટીવેર સાડીના ડ્રેસકોડમાં હતા. તો કમીટીની બહેનો એકસરખી સાડીમાં એકજૂટતા અને સંગઠનનું જીવતુજાગતુ ઉદાહરણ આપતા હતા. જેમનો ડ્રેસકોડથી એમની એકતાનો પરિચય મળતો હતો.

દરેક મહેમાનોએ જગ્યા લીધી પછી વેલકમ ડ્રીંક પીરસાયું. આ પ્રોગ્રામના માનવંતા અતિથિવિશેષઃ

| | |
|---|---|
| **શ્રી મહેશભાઈ મથુરાદાસ સાવડીયા** | **(મુલુંડ)** |
| **શ્રી પરેશભાઈ મણીલાલ શેઠ** | **(મુલુંડ)** |
| **શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા** | **(ઘાટકોપર)** |
| **શ્રી નીતીનભાઈ જશવંતરાય વોરા** | **(બોરીવલી)** |

જેમની હાજરીએ સમારોહને ચાર ચાંદ લગાવી દીધા. અતિથિવિશેષના હાથે દીપ પ્રાગટ્ય કરી નવકાર મહામંત્રના સ્મરણથી આ સમારોહની શુભ શરૂઆત થઈ. થોડા સંગીત સાથે તળપદી સાહિત્યને માણતા માણતા ડાયરાને ન્યાય મળ્યો ત્યારે **''ચારણકન્યા''** ગવાતા જ લોકોનું દીલ જીતી લીધું.

ત્યારબાદ મહીલામંડળના પ્રમુખ શ્રીમતી તુલાબેનનું બહુમાન મંડળના ખજાનચી શ્રીમતી પ્રીતીબેન ચેતનભાઈ વસા તથા શ્રીમતી નયનાબેન વિનોદભાઈ મહેતાએ કર્યુ. શ્રી કમલેશભાઈનું બહુમાન શ્રી ચેતનભાઈ વસાએ કર્યુ. ત્યારબાદ પુરી કમીટીએ આવીને એમાં સાથ પુરાવી અભિવાદન કર્યુ. સ્ટેજ પર અતિથિવિશેષ મહેમાનોને પ્રમુખ તુલાબેન તથા ઉપપ્રમુખ શ્રીમતી દિપ્તીબેન દિક્ષીત માઝનીએ સાથ આપ્યો. શ્રી મહેશભાઈ સાવડિયાનું બહુમાન શ્રી કમલેશભાઈએ કર્યુ. શ્રીમતી હર્ષાબેન સાવડીયાનું બહુમાન શ્રીમતી તુલાબેને કર્યુ. શ્રી પરેશભાઈ શેઠનું બહુમાન શ્રી દીક્ષીતભાઈ માઝનીએ કર્યુ. શ્રીમતી નીતાબેન શેઠનું બહુમાન ઉપપ્રમુખ દીપ્તીબેન માઝનીએ કર્યુ. શ્રી મયુરભાઈ મહેતાનું બહુમાન શ્રી હિતેશભાઈ મહેતાએ કર્યુ. શ્રીમતી કીર્તીબેન મહેતાનું બહુમાન સેક્રટરી કવિતાબેને કર્યુ. શ્રી નીતીનભાઈ વોરાનું બહુમાન શ્રી પંકજભાઈ મહેતાએ કર્યુ. શ્રીમતી નીપાબેન વોરાનું બહુમાન સેક્રેટરી ફાલ્ગુનીબેન મહેતાએ કર્યુ. દરેક અતિથિવિશેષે પોતાના ભાવભર્યા શબ્દોથી મંડળને સંબોધન કરતા કાર્યક્રમને ઉચિત આવકાર મળ્યો.

નારીશક્તિના ઉત્કર્ષ માટેના કાર્યોની પ્રશંસારૂપે એમના શબ્દોએ મંડળનું બળ અને જોમ વધારવાનું કામ કર્યુ જેથી વધુ સુંદર પ્રોગ્રામ આપવાની પ્રેરણા મળી. આવેલ મહેમાનોના સૂચનો ભવિષ્યના પ્રોગ્રામની આયોજન શક્તિ વધારવા ઘણા ઉપયોગી છે.

મુંબઈ સમાજના પ્રમુખ શ્રી કીરીટભાઈ મહેતા તથા બોરીવલી મંડળના પ્રમુખ શ્રી વિનોદભાઈ મહેતા તથા મંડળના પાયામાં રહી મંડળને ઉભુ કરવામાં સાથ આપનાર શ્રી કિશોરભાઈ રામાણીનું બહુમાન કરાયુ. જેમની હાજરીથી કાર્યક્રમની શોભામાં વધારો થયો.

સમગ્ર મુંબઈ સમાજના મંડળો તથા મહિલા મંડળો તરફથી પધારેલ આમંત્રિત પ્રતિનિધીઓએ સમય કાઢી હાજરી આપીને મંડળ માટે હર્ષ અને ગૌરવની વાત છે તે માટે તેમને સર્વને તેમના સ્થાન પર ઉભા રહી આવકાર આપતા મંડળના સેક્રેટરી કવિતાબેન તથા ફાલ્ગુનીબેને સન્માન આપી આનંદ અનુભવ્યો. બંને સેક્રેટરીઓ - કવિતાબેન તથા ફાલ્ગુનીબેને સંપૂર્ણ કાર્યક્રમ દરમ્યાન સ્ટેજનું સફળ સંચાલન કર્યુ.

ફાલ્ગુનીબેને મહિલા મંડળ શા માટે હોવું જોઈએ. એ માટે પોતાના વિચારો રજુ કર્યા અને જણાવ્યું કે મહિલામંડળ મહિલાના જુદાજુદા પાસા દર્શાવે છે. મહિલાઓનો સર્વાંગી વિકાસ જે આજની નારીશક્તિ શિક્ષણક્ષેત્રે, આર્થિકક્ષેત્રે, કલાક્ષેત્રે કે કોર્પોરેટ ક્ષેત્રમાં હાંસલ કરે છે તે રજુ કરવાનુ સાથે રહેવાનું, એકબીજાને પ્રેરણા આપી આગળ વધારનારુ અને સહાય કરતુ પ્લેટફોર્મ એ જ મહિલામંડળ છે. આવી અલગ અલગ ક્ષમતાઓને વાચા આપતુ આ એકતાનું બળ છે. વધુ નવીનતા સભર કાર્યક્રમોથી બહેનોને નાના બીઝનેસમાં આગળ વધવામાં સાથ મળે છે.

મંડળમાં આટલા વર્ષોનો સભ્યોનો અનુભવ કેવો રહ્યો એવુ પુછવાના પ્રતિસાદરૂપે સભ્ય બહેનોમાંથી બે જણ - સાધનાબેન શાહ તથા ભાવનાબેન મહેતા આગળ આવ્યા અને પોતાના મંતવ્યો દર્શાવતા મંડળના કાર્યોને બીરદાવ્યા અને ભવિષ્યમાં પણ આવા સારા પ્રોગ્રામો આપવાની માંગણી દર્શાવી.

સમગ્ર કાર્યક્રમમાં સહકાર્યરૂપે અતિથિવિશેષ, આમંત્રિત મહેમાનો તથા મંડળના સભ્ય બહેનોએ દાતા તરીકે આગળ આવીને પોતાનો ફાળો લખાવ્યો. હાજરી ન આપી શકનાર સભ્યો તથા મહેમાનોએ પણ પોતાની ભેટ મોકલાવીને ઉદારતા દાખવી છે. જે માટે મંડળ તે સર્વેનો હૃદયપૂર્વક આભાર માને છે.

સાથે જ કાર્યક્રમને સંગીતમાં તરબોળ કરનાર શ્રી વિપુલભાઈ શાહ અને પાર્ટી તથા ભાગ્યેશભાઈ વારા દ્વારા પીરસાયેલ ડાયરાની મજા માણી.

લકી ડ્રો અને સરપ્રાઈઝ ગીફ્ટનો આવેલ મહેમાનો સાથે મંડળની બહેનોએ આનંદ ઉઠાવ્યો.

ચૌવિહારની વ્યવસ્થાનો લાભ લઈ લાજવાબ ડીનરનો પ્રેમથી સ્વાદ માણી રોયલ કેટરર્સને ધન્યવાદ અપાયા. અતિથિવિશેષ મહેમાનોએ પંચોલામાં બેસીને જમવાનો આનંદ માણ્યો.

છેલ્લે ગરબાની રમઝટ તાળીઓના તાલ અને સંગીતના સૂર જોડે કાર્યક્રમની પુર્ણાહુતિ થઈ.

અંતમાં કવિતાબહેને આભારવિધી પ્રગટ કરી સર્વેના મોં પર ઉજવણીનો અને મળ્યાનો આનંદ છલકાતો હતો જે આવા જ પ્રોગ્રામો આપતા રહે એવા સૂચન જોડે બધા છુટા પડ્યા.

## મંડળના કમીટી મેમ્બર્સની યાદી :

| | | | |
|---|---|---|---|
| **પ્રમુખ :-** | શ્રીમતી તુલાબેન કમલેશભાઈ મહેતા | મો.૯૩૨૪૩ ૪૦૩૬૦ | G1 |
| **ઉપપ્રમુખ :-** | શ્રીમતી દિપ્તીબેન દિક્ષીતભાઈ માઝની | મો.૯૩૨૦૭ ૧૧૪૨૪ | G2 |
| **સેક્રેટરી :-** | શ્રીમતી કવિતાબેન હિતેશભાઈ મહેતા | મો.૯૩૨૩૪ ૯૬૯૬૩ | G3 |
| | શ્રીમતી ફાલ્ગુનીબેન પંકજભાઈ મહેતા | મો.૯૦૨૨૪ ૯૪૪૯૬ | |
| **ખજાનચી :-** | શ્રીમતી પ્રિતીબેન ચેતનભાઈ વસા | મો.૯૮૬૭૨ ૪૪૩૮૮ | G4 |
| | શ્રીમતી નયનાબેન વિનોદભાઈ મહેતા | મો.૯૮૭૦૦ ૭૭૭૯૫ | G5 |
| **સભ્ય :-** | શ્રીમતી ચેતનાબેન જયેશભાઈ મહેતા | મો.૯૮૩૩૩ ૮૨૧૫૦ | G6 |
| | શ્રીમતી ચેતનાબેન રાજેશભાઈ મહેતા | મો.૭૯૭૭૩ ૨૮૮૮૫ | G7 |
| | શ્રીમતી હેમાલીબેન રામાણી (બિટ્ટુ) | મો.૯૩૨૨૭ ૨૩૨૨૮ | G8 |
| | શ્રીમતી અરૂણાબેન અરવિંદભાઈ દોશી | મો.૯૩૨૩૬ ૮૮૪૪૦ | G9 |

**એડવાઈઝર :-** શ્રીમતી ગુણીયલબેન કોરડીયા.

મંડળના સભ્યોને જણાવવાનું કે મંડળનો આગામી કાર્યક્રમ એપ્રિલ મહીનામાં થનાર છે. જે કોઈ બહેનોને ૨૦૨૩ વર્ષમાં સભ્ય બનવાની ઈચ્છા હોય તેમણે કોઈપણ કમીટી મેમ્બર પાસે પોતાનું નામ નોંધાવી લેવું.

**પ્રમુખ - શ્રીમતી તુલાબેન મહેતા**
**સેક્રેટરી - શ્રીમતી ફાલ્ગુનીબેન મહેતા**
**શ્રીમતી કવિતાબેન મહેતા**

## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ – બોરીવલી

# ‘રજત જયંતિ સમારોહ’



















## શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મહિલા મંડળ – બોરીવલી

# 'રજત જયંતિ સમારોહ'
















# સ્મરણાંજલિ

જન્મ તારીખ :
૧-૧-૧૯૪૧



અનંતયાત્રા :
૧-૧-૨૦૨૧

## સ્વ. જ્યોત્સનાબેન ચંપકલાલ શેઠ

દ્રષ્ટિમાં હજુએ રમે છે તમારો હસતો ચહેરો
આપનો માયાળુ સ્વભાવ, આપના જીવનની સાદાઈ.
સુખ-દુ:ખમાં સદાય હસતા રહ્યા તમે, સૌના હૃદયમાં વસતા રહ્યા તમે,
અણધાર્યા છોડી ગયા જીવન છતાં જીવિત હોવાનો ભાસ છે,
દર્શન નથી તમારા દેહના પણ હૃદયમાં તમારો વાસ છે.

**શ્રદ્ધાસુમન અર્પિત :**

## શ્રી ચંપકલાલ જેઠાલાલ શેઠ પરિવાર

(એડીસઅબાબા, ઇથીયોપિયાવાળા, હાલ મુંબઈ)
સ્વ. વ્રજકુંવરબેન દલીચંદ નાનજી શાહ (ધોરાજીવાળાની સુપુત્રી)

**પુત્રી-જમાઇ :** શ્રીમતી ભારતીબેન અશોક શાહ, શ્રીમતી મયુરીબેન પંકજ વોરા, શ્રીમતી ચેતનાબેન ભરત સાવડીયા

**પુત્ર-પુત્રવધુ :** શ્રી નૈનેશભાઈ-જાગૃતીબેન

**પૌત્ર :** જીનય, યશ

**દોહિત્ર/દોહિત્રી :** માનસી, વિશાલ, જેનીલ, હર્ષિલ, હેત્વી, રીયા



# ડીસેમ્બર માસના મુખપત્રના સૌજન્યદાતા
# પ્રેમ અને સ્નેહની સરવાણી
# સ્વ. શ્રીમતી સમજુબેન ગિરધરલાલ વોરા

સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજની સ્નેહસંમેલનની કાયમી યોજનામાં પ્રેરણાદાતા સ્વ.શ્રીમતી સમજુબેન ગિરધરલાલ વોરા પરિવારના સૌજન્યમૂર્તિ હતા. તેમનામાં નામ એવા ગુણ હતા. તેમનું નિર્દંભ, નિખાલસ અને નિરાભિમાન વ્યક્તિત્વ, શાંત સૌમ્ય પ્રકૃતિ, ધીરજ અને સહિષ્ણુતા હંમેશા યાદ રહેશે.

૧૯૯૧ની પહેલી ડિસેમ્બરે ૭૦ વર્ષની વયે તેમના દેહવિલય થયો હતો. તેમનું સમગ્ર જીવન સમર્પણની ભાવનાથી વણાયેલું હતું. તેઓ મીતભાષી હતા. સામા માણસને સમજવાની અને તેને મુલવવાની તેમની અદ્ભુત શક્તિ હતી.

તેમણે પ્રેમ, સ્નેહ અને સમજદારીથી કુટુંબમાં ઉચ્ચ સંસ્કારોનું સિંચન કર્યું. સુખ-સમૃદ્ધિ છતાં વિનમ્રતા, આદર અને સરળતા રાખીને તેઓ સૌના સ્નેહના અધિકારી બન્યા હતાં. કુટુંબમાં સ્વતંત્રતા સાથે શિસ્ત અને સંયમ, ઉદારતા સાથે દયા અને કરુણા, વિનય સાથે આદર સત્કાર, ધર્મ સાથે નિર્દંભતા અને વહેવાર સાથે પ્રામાણિકતા અને ભાવપૂર્વક આગતાસ્વાગતા કરવી, તેમનું અભિવાદન કરવું એ તેમની આગવી વિશિષ્ટતા હતી.

સમજુબેન જીવનના હર પ્રવાહને તેના યથાર્થ સ્વરૂપમાં સમજી શક્યા હતાં. સુખ તેમને છલકાવી શક્યું નહોતું અને દુ:ખ તેમને વિચલિત કરી શક્યું નહોતું. જીવનના આ બંને સમાન ધ્રુવો વચ્ચે તેમણે અજબનું સમતુલન જાળવી રાખ્યું હતું. સમગ્ર સમાજને તેઓ પરિવાર જેવો ગણતા હતા અને સૌ પ્રત્યે તેઓ માનની નજરે જોતાં હતાં.

પરિવાર તરફથી જે કોઈ સામાજિક અને ધાર્મિક કાર્યો અને અનુષ્ઠાનો થયા તેમાં સમજુબેનની પ્રેરણા રહેલી હતી. કુટુંબ પરિવારે તેમના હૃદયની ઈચ્છા અને ભાવનાને સાકાર કરવા માટે માનવતા, દયા અને કરુણાના અનેક કાર્યો કર્યા હતાં.

સમજુબેનને પિતાશ્રી ઝીણાભાઈ અભેચંદ મહેતા અને માતુશ્રી હરખબેન તરફથી જે પાયાના સંસ્કારો મળ્યા હતા તે સંસ્કારો, વિનય અને વિવેકને તેમણે કુટુંબમાં બળવત્તર બનાવ્યા હતા. સંતાનો માટે તેઓ જન્મદાત્રી અને સંસ્કારદાત્રી હતાં. પરિવારમાં માતાનું સ્થાન, ઘરમાં ગૃહિણીનું શું સ્થાન છે તે તેમણે પોતાના જીવન દ્વારા સમજાવ્યું હતું અને આ જવાબદારી સુપેરે નિભાવી હતી.

આદર્શ ગૃહિણી, પ્રેમાળ માતા અને પરિવારના મોભી તરીકે તેમણે સૌ પ્રત્યે પ્રેમ અને સ્નેહ વર્ષાવ્યો હતો, બીજાનું દુ:ખ જોઈને તેઓ દ્રવી ઉઠતાં હતાં અને પોતાનાથી બનતું બધું કરી છૂટતા હતાં. પરિવારની સફળતાનો યશ તેમને ફાળે જાય છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી.

આવા પ્રેમ, દયા અને કરુણાના મહાસાગર જેવા સમજુબેન ગિરધરલાલ વોરાને માનભરી અંજલિ. તેમનું સમાજ અને કુટુંબ પ્રત્યેનું તર્પણ ભૂલાશે નહીં.

**''તેમની સ્મૃતિ સદૈવ અંકિત રહેશે''**



## ડીસેમ્બર માસના મુખપત્રના સૌજન્યદાતા
## સમાજ પ્રત્યે સેવા, નિષ્ઠા અને સમર્પણ
## સ્વ. શ્રી ગિરધરલાલ જીવણભાઈ વોરા

કુશાગ્ર બુદ્ધિચાતુર્ય, સાહસ, ધૈર્ય અને વ્યવહારકુશળતા દ્વારા એક પછી એક પ્રગતિના શિખરો સર કરીને જેમણે જબ્બર સફળતા, પ્રતિષ્ઠા અને ખ્યાતિ મેળવી હતી. એવા મુરબ્બી સ્વ. શ્રી ગિરધરલાલ જીવણભાઈ વોરા આપણા સમાજના અગ્રીમ હરોળ ટોચના આગેવાન હતા

શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજની રચના થઈ અને તેને સંગઠિત સ્વરૂપ મળ્યું ત્યારથી માંડીને અત્યાર સુધી તેમણે સમાજની અપ્રતિમ સેવા કરી હતી અને સમાજને એક યા બીજી રીતે સહાયભૂત થઈ રહ્યા હતા. તેઓ આપણા સમાજના ખૂબ જ જાણીતી, સંનિષ્ઠ, સજ્જન અને કર્તવ્યપરાયણ વ્યક્તિ હતી. કોઈપણ કાર્યમાં બીજાને ઉપયોગી થવું અને જરૂર જણાય ત્યાં વિના સંકોચે સહાયભૂત થવું એ તેમનો જીવન સાથે વણાયેલો સ્વભાવ હતો.

સ્નેહસંમેલનથી માંડીને અન્ય પ્રવૃત્તિઓ સુધીનું શ્રી ગિરધરલાલ વોરાનું સમાજ પ્રત્યેનું યોગદાન અવર્ણનીય છે. સમાજમાં કોઈપણ જગ્યાએ કોઈપણ જાતના હોદ્દા વગર સમાજની વિવિધ પ્રવૃત્તિઓ સાથે તારતમ્ય સાધીને તેને પ્રગતિના રાહ પર લઈ જવાનું ચિંતન અને તેને માટે બનતું બધું કરી છૂટવાની ભાવના તેમના મનમાં હંમેશાં રહી છે. તેઓ મૃદુભાષી હતા. જરૂર સિવાય બોલવાનું ગમતું નહીં. જે બોલે તે વિચારીને સમજીને બોલતા અને તેમનો એક એક શબ્દ અર્થપૂર્ણ રહેતો.

મુરબ્બી શ્રી ગિરધરલાલનો જન્મ ૧૯મી એપ્રિલે થયો હતો. તેમણે દે.મુ.જૈન બોર્ડિંગ જૂનાગઢ ખાતે મેટ્રિક સુધીનો અભ્યાસ કરીને મુંબઈને પોતાની પ્રવૃત્તિનું ક્ષેત્ર બનાવ્યું હતું. પ્રારંભિક નોકરી પછી પોતાના સ્વતંત્ર બાંધકામના વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું અને અનેક કેમિકલ, ક્રાઉન, કોર્ક, મેટલ પ્રિન્ટિંગ તથા કોમ્પ્યૂટર ઈન્ડસ્ટ્રીઝ ચાલુ કરી હતી. આ બધામાં તેમને સુપુત્રો શશિકાંતભાઈ, દિનેશભાઈ, પ્રદીપભાઈ, જિતેન્દ્રભાઈ, મનોજભાઈ અને અશ્વિનભાઈનો સાથ મળ્યો હતો. સુપુત્રી મંજુલાબેન અને જમાઈ દીપકકુમાર જયંતીલાલ શાહ તેમની પ્રગતિના દૃષ્ટા બન્યા હતા. ધર્મપત્ની સમજુબેનની ભલી લાગણી અને પ્રેરણાથી પ્રગતિના પથ પર આગળ વધવામાં અનેરો સાથ મળ્યો હતો. આ બધી પારિવારિક શક્તિઓએ ગિરધરલાલને હૂંફ બક્ષી હતી અને તેમની વિજયયાત્રા ખૂબ આસાન બની હતી.

શ્રી ગિરધરલાલે રાજકોટ ખાતે દે.મુ.જૈન બોર્ડિંગની નવરચનામાં તન, મન અને ધનથી મહત્ત્વની સેવા બજાવી હતી. અને વર્ષો સુધી બોર્ડિંગના મેનેજિંગ ટ્રસ્ટી પદે રહ્યા હતા. તેઓ ખૂબ જ વ્યવહારકુશળ હતા. તેમનું અનુભવનું જ્ઞાન અદ્ભુત હતું. તેમનું ગણિત સીધુંસાદું હતું. કોઈપણ કામનું પરિણામ આવવું જોઈએ. પરિશ્રમ વગર સફળતા મળે નહીં અને કોઈપણ કામ કરતા પહેલાં તેના તમામ પાસાઓ અંગે વિચાર કરવો અને પછી તેમાં ઝંપલાવવું, નિષ્ફળતાથી ડરવું નહીં, સફળતા માટેના પ્રયાસો ચાલુ રાખવા આ બધા તેમના જીવનના સફળતાના મંત્રો હતા.

સ્વ. શ્રી ગિરધરલાલ જુદા જુદા વિષયોના અભ્યાસી હતા. ધર્મ, જીવન અને વહેવાર અંગેનું તેમને જ્ઞાન ઊંડું હતું. તેમનામાં દરેક પ્રશ્નને ખરા અર્થમાં સમજવાની શક્તિ હતી. દિલાવર દિલ, નેક ભાવના, મિલનસાર સ્વભાવ અને મૈત્રીપૂર્ણ વહેવારથી તેમણે સમાજમાં ખૂબ જ ચાહના મેળવી હતી અને લોકપ્રિયતા હાંસલ કરી હતી.

**'તેમનું જીવન સૌના માટે દીવાદાંડીરૂપ છે.''**



ડીસેમ્બર માસના મુખપત્રના સૌજન્યદાતા

# શ્રીમતી જયાબેન ધીરજલાલ મનજી મહેતા



''ઝરણું પ્રેમનું વહેવડાવી હૃદયમાં, ખીલવ્યા ઉપવન સંબંધના,
નિર્મળ સ્ફટિક સમા સ્નેહ થકી ખમાવ્યા પરિતાપો સંબંધના,
જિંદગી પરિવારની શણગારી ધર્મ સિંચનથી''
''આપના જીવનથી પરિવાજનો જીવનમાં ખીલી પૂનમ ધર્મની બનાવ્યો આખા પરિવારને મધુવન''

શ્રીમતી જયાબેનનો જન્મ તા.૨૩-૪-૧૯૨૯ના રોજ થયો હતો. તેઓ શાંત, સરળ સ્વભાવ, વ્યવહાર કુશળતા, ઉત્તમ કુટુંબ ભાવના ધરાવતા અને દરેકની સાથે હળવું-મળવું, સરસ વાણી-વર્તન વહેવાર કેમ સાચવવો તેની સૂઝ ધરાવતાં હતાં. આપણાં સમાજમાં અને ઘાટકોપરના વડીલો અને મંડળમાં આગવી પ્રતિભા ધરાવતાં હતાં. તેમાં પિયર તથા શ્વસુર પક્ષ, બંનેમાં લાડલા હતા.

તેમના પરિવારમાં બે પુત્રો જયેશ અને વિરલ, પુત્રવધૂઓ પુનમ અને મધુરિકા, ત્રણ દીકરીઓ ચંદનબેન, આશાબેન અને શિલ્પાબેન, પૌત્ર પુનિત જયેશભાઈ, પૌત્રવધૂ દેવલ પુનિતભાઈ તેમજ ત્રણ પૌત્રી પૂજા, વિધિ અને રચના.

પ્રેમાળ માતા, આદર્શ ગૃહિણી અને પરિવારના મોભી તરીકે તેમણે સૌ પ્રત્યે પ્રેમ અને સ્નેહ વર્ષાવ્યો હતો. તેઓનો સ્વર્ગવાસ તા.૧૫-૪-૧૯૯૯ના રોજ થયેલ હતો.

પ્રેમ, દયા અને કરુણાના મહાસાગર જેવા જયાબહેન ધીરજલાલ મહેતાને માનભરી અંજલી. આવા પરિવારના માતુશ્રીને કોટી કોટી વંદન.....

– ધીરજલાલ મનજી મહેતા પરિવાર



ડીસેમ્બર માસના મુખપત્રના સૌજન્યદાતા

# શ્રી ધીરજલાલ મનજી મહેતા

## (ધીરૂબાપા)

આપણાં સમાજમાં ધીરૂબાપાના નામે જાણીતા થયેલા શ્રી ધીરજલાલ મનજી મહેતાની એક આગવી ઓળખ હતી. તેમનો જન્મ શેઠવડાળા ગામમાં તા.૨૭-૨-૧૯૨૨ના રોજ થયેલ. શરૂઆતમાં પ્રાથમિક અભ્યાસ પૂર્ણ કરી નાની ઉંમરમાં નોકરીએ લાગી ગયેલ. પહેલાં છ વર્ષ નોકરી કરી ત્યારબાદ છ વર્ષ દલાલી કરેલ. ત્યારબાદ અનુભવથી ઘડાયને પોતાનો કાપડનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. જાતમહેનત, વ્યાપારી કુનેહ, વ્યવહારિકતા અને મીઠી જબાનથી ધંધાનો ખૂબ જ વિકાસ કર્યો હતો. ૨૯ વર્ષ ધંધો સંભાળી, ધંધાનું સુકાન તેમના પુત્રોને સોંપી તેઓ નિવૃત્ત થયા. સમજુ વડીલની અદાથી પુત્રો, જયેશભાઈ તથા વિરલભાઈ મોટા થતાં તેમના હાથમાં ધંધાની ધૂરા સોંપી સમાજ પ્રત્યેની જવાબદારી સંભાળી જે ત્યારે નિવૃત્ત થયેલા અનેક વડીલો માટે પ્રેરણાસ્રોત સમાન છે. સ્વર્ગસ્થ પત્ની જયાબેન તથા ત્રણેય દીકરીઓ તેમની ધાર્મિક પ્રેરણા હતી.

તેઓ શાંત, સૌમ્ય અને સ્પષ્ટવક્તા હતા. ધંધાકીય નિવૃત્તિને ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિમાં પલટી નાખનાર દીર્ઘદૃષ્ટા બુઝુર્ગ હતા. તે વખતે ઘાટકોપરની કામા ગલી, શ્રી મુનિસુવ્રત સ્વામી જૈન દેરાસરમાં પ્રવેશતા અણે જમણા હાથે આવેલી ઓફિસમાં ફક્ત નજર ફેરવતા, તો એક બેઠા દડીના, ધોતિયું - ઝભ્ભો પહેરેલ વ્યક્તિને બેઠેલ જોતા તો લોકોને ધીરૂબાપા જ છે તેમ સમજી જતાં. આ દેરાસરમાં જિંદગીના ચાર દાયકા સુધી કમિટી મેમ્બર, માનદ્ મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખ પદ તેમજ ટ્રસ્ટી, મેનેજિંગ ટ્રસ્ટી વગેરે હોદ્દાઓ પર ક્રમાનુસાર રહી સેવા આપેલ હતી. ઉપરાંત આ દેરાસર હસ્તક ચાલતા ૬૦ ફૂટ રોડ, પંતનગર જૈન દેરાસર વગેરેમાં તેઓએ સેવાઓ આપેલ હતી. ધંધાકીય ક્ષેત્રમાં પણ તેઓ મુળજી જેઠા માર્કેટ મર્ચન્ટસ એસોશિયેશનમાં મંત્રી , ખજાનચી અને લવાદ કમિટીમાં સેવા આપેલ હતી. ગુરુ ભગવંતોની વૈયાવચ્ચ અને સંઘનું કાર્ય એ તેમનું જીવનધ્યેય હતું.

સમાજની અમૂલ્ય મૂડી સમાન પૂજ્ય ધીરૂબાપા કાર્તિક પૂનમ તા.૨૧-૧૧-૨૦૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા અને સેવાની સુગંધ ચોતરફ મુકતા ગયા. આવા સેવાભાવી મુઠ્ઠી ઉંચેરા માનવીને સમાજના કોટિ કોટિ વંદના...

## જાન્યુઆરી માસના મુખપત્રના "સૌજન્યદાતા"



સ્વ. મંજુલાબહેન
કાંતિલાલ ધરમશી પારેખ

## "માતૃ દેવો ભવ"
## "મા તે મા બીજા બધા વગડાના વા"

ઈશ્વરને માણસનાં ઘરમાં આવવાનું મન થયું ત્યારે તે મા બનીને આવ્યા. પ્રેરણાશક્તિ અને પથદર્શક માયાળુ માતા સ્વ. મંજુલાબહેન કાંતિલાલ પારેખનો જન્મ તા. ૧૫-૫-૧૯૩૭ના રોજ પ્રેમાળ પિતા દેવજીભાઈ અને માયાળુ માતા કુસુંબાબહેનની કુખે મોટી પાનેલી ગામે થયો હતો. નાનપણથી જ ધર્મના ઉચ્ચ સંસ્કારો ધરાવતાં એવા મંજુલાબહેન સમજતાં હતાં કે ચોર્યાશી લાખ યોનિમાં અનંતવાર પરિભ્રમણ કર્યા બાદ મહામૂલો અને અમૂલ્ય એવો માનવભવ મળે છે, તેમાં સોનામાં સુગંધ ભળે તેમ પતિ કાંતિલાલનો જીવનમાં સાથ અને સહકાર મળ્યા. દેવ, ગુરુ અને ધર્મનો ત્રિવેણીસંગમ મળ્યો છે. તો આ ચાર દિવસનાં ચાંદરણાં જેવી જિંદગીનો સદ્ઉપયોગ કરી લેવો. કર્મણ્યે વાધિકારસ્તુ મા ફલેષુ કદાચેન દ્વારા, તેઓ કર્મ કર્યે જતાં, ક્યારેક ફળની ઈચ્છા ન રાખતાં પારકાને પોતાના કરવાની કળા આત્મસાત કરી હતી. ગિરીશ-હરેશ જેવા પુત્રો, મીતા-જ્યોતી જેવી પુત્રીઓ, નીતા-રૂપલ જેવી પુત્રવધૂઓને પણ દીકરીઓ સમાન રાખતા અને કિંજલ, કુનાલ, ફોરમ, ઋષભ તથા પારસ જેવા પૌત્રાદિ સર્વે કુટુંબીજનોના હૃદયમંદિરમાં દેવી જેવું સ્થાન ધરાવતા હતા. તેમણે પ્રેમ અને વાત્સલ્ય દ્વારા કુટુંબને એક તાંતણે જોડી રાખ્યું હતું. લક્ષ્મી તો ચંચળ છે તેઓ સારી રીતે સમજતા અને તેથી જ તે લક્ષ્મીનો સદ્ઉપયોગ કરતાં.

જીવ માટે શરીર એક સાધન છે. કર્મોનો હિસાબ ચોખ્ખો થઈ જાય અને લેણદેણના સંબંધો પૂરા થાય એટલે જીવે શરીર છોડવું પડે છે. વીર કહે "આ પંખીડાનો મેળો, વેળાએ સૌ ઊડી જાય," પરંતુ આત્મા તો અમર છે અને જેમણે શ્રમણ ભગવાન મહાવીરના શાસનને પામી તેના અહિંસા, કરુણા, દયાના સિદ્ધાંતોને જીવનમાં ઉતારી એક આદર્શ જીવન જીવ્યા અને ભવસાગર તરી ગયા. જ્યારે આપણે તો ભવના મુસાફીર ભુલા રે પડ્યા જેવા છીએ. સાંજના ઢળતા મંદિરમાં દીપમાળા પ્રગટે ને ધૂપસળીની મહેંક ચોમેરે પ્રસરે એમ મંજુલાબહેનના સુસંસ્કારોની મહેંક તેમના સર્વ પરિવારજનોનાં હૃદયમાં પ્રસરી રહેલ છે. તેઓ તા. ૧૦-૧-૧૯૮૮ ને શનિવારના રોજ સ્વર્ગવાસ પામેલ હતાં.

એમની યાદમાં શ્રી કાંતિલાલે જૂનાગઢમાં ઉપરકોટની વાડીમાં "મંજૂષા" હોલ બનાવેલ છે. ઉપરાંત શંખેશ્વર, ઈડર, પૂના-કાત્રજ, શાહપુર વગેરે તીર્થસ્થાનોમાં તેમના નામની રૂમો ધર્મશાળાઓમાં બનાવેલ છે. તેમના પરિવારે સ્વ. મંજુલાબેન કાંતિલાલ પારેખ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી છે, જેમાંથી નિયમિત જરૂરિયાતમંદ વ્યક્તિઓને જરૂરિયાત પૂરી પાડવામાં આવે છે. આપણાં સમાજને, શુભેચ્છક મિત્રમંડળ, મુંબઈ વગેરે સંસ્થાઓને તેમનું યોગદાન મળતું જ રહે છે. આવા સમાજપ્રેમી અને દાનવીર વ્યક્તિને સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ ક્યારેય ભૂલી શકશે નહીં.

માતાની મમતાથી મોટું કોઈ મયુરાસન આ જગતમાં નથી જ માટે "જનનીની જોડ સખી નહિ જડે રે લોલ."

## ડિસેમ્બર માસના મુખપત્રના
## "સૌજન્ય દાતા"



### સ્વ. શ્રી કાંતિભાઈ ધરમશી પારેખ



# "પિતૃ દેવો ભવ

"નામ તેવા જ ગુણને સાર્થક કરતું ધુપસળીમય જીવન, સંયુક્ત કુટુંબને કેમ સાચવી શકાય અને કુટુંબનો આધારસ્તંભ કઈ રીતે બની શકાય તેનું ઉદાહરણ એટલે કાંતિભાઈ ધરમશી પારેખ."

શ્રી કાંતિભાઈનો જન્મ જૂનાગઢ સરદારગઢમાં થયો હતો.

કાંતિભાઈ પારેખ નમ્ર, મિલનસાર અને પરોપકારી ભાવનાવાળા સંનિષ્ઠ વ્યક્તિ હતા. તેઓ ૧૯૫૧માં મુંબઈ આવી ૧૯૫૪માં પોતાના બન્ને ભાઈઓ સાથે ટુલ્સનો વ્યાપાર શરૂ કરી, દીર્ઘ દ્રષ્ટિ અને મહેનતથી શૂન્યમાંથી સર્જન કરી નાગદેવીમાં આગવું સ્થાન ગ્રહણ કર્યુ હતું. અને આજેપણ તેમની સ્થાપેલ કંપની તેમના બન્ને દીકરાઓ ખૂબજ સુંદર રીતે ચલાવીને પ્રગતિ કરી રહ્યા છે.

શ્રી કાંતિભાઈ ઓછું બોલીને વધારે કામ કરતા અને કોઈપણ જાતની મોટાઈ, માન અભિમાન કે પદવીના આગ્રહ વિના હંમેશાં કામ કરતા. તેઓ ધાર્મિક કાર્યમાં પણ લક્ષ્મીનો સદ્ઉપયોગ કરતાં. જૂનાગઢમાં તેમનાં પત્નીના નામે 'મંજૂષા' હોલ બનાવ્યો છે. શંખેશ્વર, ઈડર, શાહપુરમાં પણ રૂમો બનાવી છે. તથા સાંતાક્રુઝ ઉપાશ્રયમાં પણ તેમણે યોગદાન આપેલ છે.

તેઓ સાંતાક્રુઝના કુંથુનાથ જિનાલયમાં પણ ટ્રસ્ટી હતા અને આયંબિલ શાળામાં પણ તેઓ તન-મન-ધનથી યોગદાન કરતા.

કહેવાય છે કે શ્રી કાંતિભાઈને બે જ મિત્રો હતા. એક તેમનાં પત્ની 'મંજુલાબેન' અને બીજું નાગદેવીનું કામ.

મંજુલાબેન સાથે ૪૨ વર્ષના લગ્નજીવનમાં એમણે ભરપૂર જિંદગી માણી હતી.

તેમના જીવનનો એક જ મંત્ર હતો -

'સેવા કરો પણ ફળની આશા ન કરો, માનવ સેવા એ જ સાચો ધર્મ છે.'

આવા વિરલ વ્યક્તિ આજે સમાજે ગુમાવેલ છે. તેમની ગેરહાજરી કુટુંબીઓની સાથે સમાજને પણ સાલશે. પણ ઈશ્વર પાસે કોઈનું ચાલતું નથી.

આજે તેમના આદર્શોને ધ્યાનમાં રાખીને તેમના પુત્ર શ્રી ગીરીશભાઈ પારેખ આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ છે તેઓ પણ સુંદર રીતે સમાજ સેવા કરી રહેલ છે.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.

## રજત જ્યંતિ મહોત્સવ અને ભાઈબીજ સ્નેહ સંમેલનના યાદગાર સંભારણા.....


















શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ
શ્રીમતી સમજુબેન ગીરધરલાલ વોરા અને
શ્રી ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર પ્રેરિત
૫૦માં સુવર્ણ મહોત્સવી ભાઈબીજ સ્નેહ સંમેલન ૨૦૨૨
આપનું હાર્દિક સ્વાગત કરે છે.


Bank Of Sorath Samaj
Bank Of Sorath Samaj
PAY - SWARA RUHIL SANGHVI
OR BEARER
Rupees - Thirty Thousand Only/-
₹ 30,000/-

## રજત જયંતિ મહોત્સવ અને ભાઈબીજ સ્નેહ સંમેલનના યાદગાર સંભારણા.....














































## અનુમોદના.... અનુમોદના.... અનુમોદના....
## શ્રીમતી હર્ષાબેન મહેશભાઈ મથુરાદાસ સાવડીયા



## ડૉ.શાંતિલાલ રતીલાલ કોરડીયા પરિવાર પ્રેરિત
## મેડીકલ સહાય યોજનામાં માતબર રકમનું અનુદાન

આજના કપરા કાળમાં સમાજનાં જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને તેમજ સંસ્થાને આર્થિક સેતુરુપે સહાયક બનવા **''કાયમી મેડિકલ સહાય યોજના''** કોર્પસ ફંડમાં રૂા.પાંચ લાખની માતબર રકમનું અનુદાન આપી સ્નેહ, સંસ્કાર અને ઉદારતાના દિવ્ય ગુણોનો વારસો પોરબંદર નિવાસી હાલ મુલુંડ શ્રેષ્ઠિવર્ય **શ્રીમતી હર્ષાબેન મહેશભાઈ મથુરાદાસ સાવડીયા** પરિવાર મોગરાની મહેંક પ્રસરાવી રહ્યો છે. શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ દાતાશ્રી પરિવારને ધન્યવાદ આપતા ભૂરી - ભૂરી અનુમોદના કરે છે. પરમકૃપાળુ અરિહંત પરમાત્મા આ પરિવારને સમાજની અનેકવિધ સેવા કરવાને શક્તિમાન બનાવે. પેઢી દર પેઢી સમાજ સેવાની આ પરંપરા અવિરતપણે ચાલતી રહે તેવી પ્રભૂને પ્રાર્થના..

ધન્ય છે આ પરિવારને, ધન્ય છે આ પરિવારની સેવાભાવનાને.....

### શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા**
પ્રમુખ

**શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા**
ઉપપ્રમુખ

**શ્રી આશિષ વિનોદરાય મહેતા**
માનદ્‌મંત્રી

**શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી**
માનદ્‌મંત્રી

**શ્રી યોગેશ વિનોદરાય મહેતા**
ખજાનચી

તથા કારોબારી સમિતિના સર્વે સભ્યો

ડીસેમ્બર માસના મુખપત્રના સૌજન્યદાતા
વ્હાલસોયા ભાઈ
સ્વ. શ્રી રશેષને શ્રદ્ધાંજલિ



## સ્વ. શ્રી રશેષ મધુબેન વિનોદરાય મહેતા

જન્મ : ૨૯-૧૨-૧૯૭૫
સ્વર્ગવાસ : ૨૯-૧૨-૨૦૦૪

ચિ.ભાઈ રશેષ મધુબેન વિનોદરાય મહેતાની
૧૮મી પુણ્યતિથિની સ્મૃતિરૂપે

''સોરઠ વિશાશ્રીમાળી'' મુખ પત્રને ડિસેમ્બર માસના
સૌજન્યદાતા તરીકે યોગદાન મળેલ છે.

શ્રીમતી પુનિતા જનક દેસાઈ પરિવાર (યુ.એસ.એ.)
માતુશ્રી મધુબેન વિનોદરાય મહેતા (મુંબઈ)

# ભાવભીની શ્રધ્ધાંજલી



જાન્યુઆરી માસનાં
મુખપત્રના સૌજન્યદાતા

## સ્વ. વૃજલાલ પાનાચંદ મહેતા (જેતપુર-ભિવંડી)

અરિહંતશરણ : તા. ૩૦-૧-૧૯૮૮

**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે,**
**વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.**
**સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં,**
**જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભુલાય નહીં.**

અમારા સુખ-દુ:ખની પ્રત્યેક પળોમાં આપની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહે અને પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એવી અંત:કરણ પૂર્વકની પ્રાર્થના

લિ.

## સ્વ.પ્રભાબેન વૃજલાલ પાનાચંદ મહેતા પરિવાર

| | | |
|---|---|---|
| પુત્રો | : | ગુણવંતરાય, સ્વ. બળવંતરાય |
| પુત્રવધુઓ | : | સ્વ. ભારતીબેન, ગં.સ્વ. સુશીલાબેન |
| પૌત્રો | : | અલ્પેશ, નિકુંજ અને વૈભવ |
| પૌત્રવધુઓ | : | કુંતલ, દિશા અને કેતકી |
| પુત્રી | : | સ્વ. કાંતાબેન, ધીરજબેન અને સ્વ. શાંતાબેન |
| પૌત્રીઓ | : | રાજુલ નિપુલકુમાર વોરા, રૂપલ ચિંતનકુમાર વોરા |
| પ્રપૌત્ર | : | પ્રશમ, આરવ અને દર્શ |
| પ્રપૌત્રી | : | પલક, ધ્રુવી |

# સ્મરણાંજલિ



જન્મ:
તા. ૨૬-૦૨-૧૯૫૨

અરિહંત શરણ:
તા. ૧૮-૬-૨૦૧૭

## સ્વ. શ્રીમતી રશ્મિબેન લલિતભાઈ રામાણી

દરિયાદિલી જેના શ્વાસોશ્વાસમાં હતી
પરોપકાર જેના પગલામાં હતો
કરૂણાં જેમના હૃદયમાં હતી
કોઈના સુખે સુખી અને કોઈના દુ:ખે દુ:ખી
એવો જેમનો જીવનમંત્ર હતો...
હે પરમકૃપાળુ પરમાત્મા આવા સરળ, પ્રેમાળ, મિલનસાર
આત્માને સાચી શાંતિ આપજો...

**પ્રેમાળ પરિવાર**

લલિતભાઈ મુળજીભાઈ રામાણી

| | | |
|---|---|---|
| નિકુંજ-સોનલ | આશિષ-કિંજલ | કાજલ-મેહુલ |
| દર્શિત, હેતાંશ | હેનીલ, સાન્વી | વિરાલી, રાજવી |

(મુળ વતન લાખાપાદર)

**પિયર પરિવાર**

સ્વ. શ્રી પોપટલાલ દુર્લભજી દોશી પરિવાર
(જુનાગઢવાળા)

**નિવાસ સ્થાન:** ૩૧/એ, ધનલક્ષ્મી સોસાયટી, શ્રી સદન એપાર્ટમેન્ટ, ગોપાલ ટાવર સામે, મણીનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮ ફોન: ૦૭૯-૨૫૪૬૫૨૨૦, ૯૮૨૫૨૫૪૯૦૦

## જાન્યુઆરી માસના મુખપત્રના ''સૌજન્યદાતા''







# રતીલાલ કુરજી મહેતા

જન્મ : તા.૩-૧૦-૧૯૧૩

અરિહંત શરણ : તા.૧૬-૧૨-૧૯૯૫

આપનું કુટુંબ પ્રત્યેનું વાત્સલ્ય અને મીઠી સ્નેહભરી યાદો કાયમનું સંભારણું બની છે.
અથાગ પરિશ્રમ સાથેની જીવનયાત્રા હર ઘડી યાદ કરીએ છીએ
તમારા સ્મરણ સાથે પ્રાર્થના કરીએ છીએ કે અમે એકબીજાના દ્રષ્ટિબિંદુ સમજી શકીએ
જીવનમાં લાગણીઓને વહાવીને સંવેદનશીલ બની શકીએ
જીવનમાં શુભ સંકેતોને અમે પારખી જ્યાં જ્યાં ચૈતન્યનો ધબકાર છે
ત્યાં અંતરમનમાં તમારા દર્શન કરી શકીએ
પ્રભુ તમારા આત્માને પરમશાંતિ બક્ષે તેવી અભ્યર્થના

## પરિવારજનો

મહેશ રતીલાલ મહેતા
કિરણબેન મહેશ મહેતા

નિશાંત હેમંતભાઈ મહેતા
કૃપા નિશાંત મહેતા
ધ્વની નિશાંત મહેતા
જિયાના નિશાંત મહેતા

કુણાલ કમલેશજી મહેતા
ક્રીષ્ના કુણાલ ગાંધી
સનવ કુણાલ ગાંધી

D-102, Vishal Complex, S.V.Road, Malad (W), Mumbai - 400064

Cell : 98672 27209

"People May Doubt, What you Say
But they will always, Believe what you do"

# શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ, મુંબઈ

## સાંસ્કૃતિક કાર્યક્રમ મેઘધનુષ

### સુવર્ણ જયંતિ વર્ષ ૩૦/૦૪/૨૦૨૩, રવિવાર

**કોઈપણ સંબંધ એકબીજાના વિશ્વાસ કરતા...**
**એકબીજાની સમજણ પર વધારે ટકેલો હોય છે...**

પ્રણામ,

કોમ્પ્યુટર અને સ્માર્ટ ફોનના જમાનામાં લોકો એકબીજાના સંપર્કમાં ખુબજ તેજ ગતિએ નજીક આવી ગયા પણ પ્રત્યક્ષ અને હૃદયના સપંર્કથી વિખૂટા પડી ગયા. માણસ સવારથી રાત સુધી દોડી રહ્યો છે. ભૌતિક સુખોની શોધમાં પણ નથી એને સુખ મળતું કે નથી મનની શાંતિ મળતી. આનું મુખ્ય કારણ છે કે તે સમાજથી વિખૂટો અને અલિપ્ત થઈ ગયો છે. જે સમાજે તેને નામ અને ઓળખ આપી તેને જ વિસરી ગયો છે.

શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન સમાજ મુંબઈ ભાઈબીજ અને સમૂહ લગ્નોત્સવ દ્વારા સભ્યોને એકબીજાની નજીક લાવવાના પ્રયાસો કરે છે પણ સમાજના યુવાનોનો પ્રતિસાદ નબળો રહ્યો છે. સમાજના સુવર્ણ જયંતી વર્ષની ઉજવણી અંતર્ગત યુવાનોની પ્રતિભાને સમાજ સામે રજૂ કરવા એક સાંસ્કૃતિક કાર્યક્રમ મેઘધનુષનું આયોજન કરવા આવ્યું છે જેમાં સમાજની પાંચ વરસથી ઉપરની કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. કાર્યક્રમની વિગત નીચે મુજબ છે.

**શુભદિન - તા.૩૦-૦૪-૨૦૨૩ - રવિવાર ❖ સમય - સવારે ૯.૦૦ થી ૧.૦૦ કલાક**

**સ્વરૂચી ભોજન : બપોરે ૧.૦૦ કલાકે ❖ સ્થલ : ઝવેરબેન પોપટલાલ સભાગ્રહ, ઘાટકોપર**

**આ કાર્યક્રમ સાત વિભાગો રાખવામાં આવ્યા છે.**

**(૧) નૃત્ય (એક, બે અને સમૂહ) (૨) ગીત (એક અને બે - કરાઓકે પર) (૩) નાટક (૪) મિમિક્રી (૫) સંગીત વાદ્ય (૬) વેશભૂષા (૫ થી ૧૦ વરસના બાળકો માટે) (૭) અન્ય (કોઈ વિશેષ પ્રકાર) ઉપરોક્ત કાર્યક્રમ માટે ત્રણ વય જૂથ પાડવામાં આવ્યા છે. ૫ થી ૧૫, ૧૬ થી ૪૫ અને ૪૫ થી ઉપર. દરેક પરફોર્મન્સની સમય મર્યાદા ત્રણ મિનિટની (નાટક સિવાય) રહેશે.**

ઉપરોક્ત કાર્યક્રમમાં ભાગ લેનાર વ્યક્તિએ રૂા.૧૦૦/- રજિસ્ટ્રેશન ફી ભરવાની રહેશે અને ગૂગલ ફોર્મમાં ના, ઉંમર, એડ્રેસ તથા શું પરફોર્મન્સ કરવાના છો તે જણાવવાનું રહેશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫-૨-૨૦૨૩ છે જેટલા ફોર્મ આવશે તેઓનું ગ્રાન્ડ ઓડીશન યોજવામાં આવશે. અને બહારના નિર્ણાયકો દ્વારા પસંદગી પામેલાઓએજ કાર્યક્રમના દિવસે પર્ફોમ કરવાનું રહેશે. નિર્ણાયકોનો નિર્ણય અંતિમ રહેશે. કાર્યક્રમમાં હાજર રહેનાર દરેક વ્યક્તિને રૂા.૧૦૦/- ભરવાના રહેશે. એક અપૂર્વ અવસર આપ સહુના સાનુકૂળ પ્રતિભાવની અપેક્ષા રાખી રહ્યો છે જેને બે હાથોથી વધાવી લેશો. ખાસ નોંધ : આ કાર્યક્રમમાં ફક્ત અને ફક્ત આપણા સમાજની વ્યક્તિજ ભાગ લઈ શકશે. કાર્યક્રમ માટેની પ્રેક્ટિસ દરેકે વ્યક્તિગત રૂપે કરવાની રહેશે. વધુ વિગત માટે સ્થાનિક મંડળની કોર કમિટીના સભ્યોનો સંપર્ક કરવા વિનંતી. માનદ મંત્રીઓ - આશિષ મહેતા, પરિમલ ભીમાણી

**સાંસ્કૃતિક અને રાસ ગરબા આનંદ મેળો આ બંન્ને પ્રોગ્રામ ને માટે સમાજના દરેક મેમ્બર્સને નમ્ર વિનંતી છે કે આપ આપની અનુકૂળતા મુજબ આ બન્ને પ્રોગ્રામ માટે ફાળો નોંધાવશો.**

**-: સાંસ્કૃતિક કાર્યક્રમની કમિટી :-**

શ્રી કિરીટભાઈ મહેતા - ૯૮૨૦૨૨૯૦૩૬ / પરિમલ ભીમાણી (કન્વીનર) - ૯૮૯૨૫૯૭૯૯૬
શ્રી જયંતભાઈ દોશી - ૯૮૨૧૧૪૭૧૭૭ / શ્રી અતુલભાઈ વસા - ૯૮૧૯૮૫૬૪૩૧
શ્રી યોગેશભાઈ વોરા - ૭૯૭૭૭૭૯૭૧૩ / શ્રી કિર્તીભાઈ વસા - ૯૮૨૦૫૬૬૩૦૧

**સુવર્ણ જયંતિ ઉજવણી નિમિતે ભાઈબીજ સંમેલનના પ્રોગ્રામમાં જાહેર થયેલ રકમની યાદી**
**સાંસ્કૃતિક અને રાસ ગરબા આનંદ મેળોની યાદી**

**રૂા.૫૪૦૦૦ના જાહેર થયેલ રકમની યાદી**

૦૧. શ્રી કિરીટભાઈ પ્રભુલાલ મહેતા
૦૨. શ્રીમતી સમજુબેન અને ગીરધરલાલ જીવનલાલ વોરા પરિવાર
૦૩. શ્રી જયંતભાઈ વ્રજલાલ મહેતા પરિવાર
૦૪. શ્રીમતી ગીતાબેન હેમંતભાઈ કોરડીયા પરિવાર
૦૫. શ્રીમતી ઈન્દુબેન શ્રીકાંતભાઈ વસા પરિવાર
૦૬. શ્રીમતી રેખાબેન પંકજભાઈ વોરા પરિવાર
૦૭. શ્રી હરસુખલાલ ખુશાલચંદ ધ્રુવ પરિવાર
૦૮. શ્રી વિનોદરાય ઝવેરચંદ વસા પરિવાર
૦૯. શ્રી ભરતભાઈ ન્યાલચંદ મહેતા પરિવાર
૧૦. શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતા પરિવાર
૧૧. શ્રીમતી વર્ષાબેન અશ્વિનભાઈ વોરા પરિવાર

**રૂા.૨૭૦૦૦ના જાહેર થયેલ રકમની યાદી**

૦૧. શ્રીમતી સવિતાબેન ચંપકલાલ વોરા પરિવાર
૦૨. શ્રી નૌતમલાલ ભગવાનજી શાહ પરિવાર
૦૩. શ્રીમતી ગુલાબબેન છગનલાલ હીરાચંદ ભણશાલી પરિવાર
૦૪. સમ્રાટ ફાર્મા

**રૂા.૯૦૦૦ના જાહેર થયેલ રકમની યાદી**

૦૧. શ્રીમતી ભાનુબેન પ્રતાપરાય હીરાચંદ વોરા પરિવાર
૦૨. શ્રી મનસુખલાલ જગજીવન શેઠ પરિવાર
૦૩. શ્રી હરેશભાઈ જયસુખલાલ મહેતા
૦૪. શ્રી મહાસુખભાઈ સંઘવી
૦૫. શ્રી ભરતભાઈ પ્રાણલાલ મહેતા પરિવાર
૦૬. શ્રી સોરઠ વિશા શ્રીમાળી જૈન મંડળ ગોરેગામ
૦૭. શ્રીમતી માધુરીબેન પ્રાણલાલ દોશી પરિવાર
૦૮. શ્રી રમેશભાઈ લહેરચંદ મહેતા
૦૯. માતુશ્રી લીલાબેન કિશોરભાઈ શાહ
૧૦. શ્રીમતી લીલાવંતીબેન લહેરચંદ મહેતા
૧૧. શ્રી ગીરીશભાઈ દલસુખભાઈ કોરડીયા
૧૨. માતુશ્રી જસુબેન ઝવેરીલાલ કોરડીયા
૧૩. શ્રી પ્રવીણભાઈ ચીમનલાલ વોરા
૧૪. શ્રીમતી વર્ષાબેન મનોજભાઈ વોરા

## કોર કમીટી :

**(૧) નાલાસોપારા :**

હર્ષદભાઈ વોરા - ૮૭૯૩૭૨૬૬૮૩
કરિશ્મા પારેખ - ૯૬૯૯૫૯૪૧૯૬

**(૨) ભાયંદર :**

મનીશભાઈ મહેતા - ૯૦૨૨૯૦૯૯૫૭
ધવલ ભણશાલી - ૯૮૨૦૫૮૫૧૪૮

**(૩) બોરીવલી :**

નિકુંજ શેઠ - ૯૫૯૪૨૨૦૨૨૫
જાનવી મહેતા - ૮૦૮૨૦૧૮૫૦૯

**(૪) કાંદિવલી :**

રાજેન્દ્રભાઈ દોશી - ૭૦૪૫૯૫૫૦૫૩
જીનલ શાહ - ૯૮૭૦૬૪૮૬૫૬

**(૫) મલાડ :**

હિમાંશુ વસા - ૯૮૨૦૧૪૬૪૦૩
હિમાંશુ સંઘવી - ૯૮૨૦૦૫૫૯૦૬

**(૬) ગોરેગાંવ :**

અરૂણભાઈ વોરા - ૯૮૩૩૧૫૪૦૪૨
હંસિકા વોરા - ૯૯૩૦૮૯૯૬૦૬

**(૭) બાંદ્રા - અંધેરી :**

પંકજભાઈ વોરા - ૯૮૨૦૧૨૬૭૨૧
રૂપલ મહેતા - ૯૯૬૯૯૭૭૯૨૮

**(૮) ઘાટકોપર :**

ભૌતિક ભણસાલી - ૯૩૨૪૭૧૮૭૧૪
દર્શના ભીમાણી - ૯૮૬૭૪૫૬૮૬૫

**(૯) મુલુંડ :**

ભાવેશ ભીમાણી - ૯૦૦૪૬૭૯૯૭૭
નિલેશ વોરા - ૯૩૨૩૯૫૩૬૫૨

# શ્રદ્ધાંજલિના શ્રદ્ધાસુમન

જન્મ :
તા. ૨૯/૧/૧૯૫૮





અરિહંતશરણ :
તા. ૧૬/૧૨/૨૦૧૪



## સ્વ. શ્રી કિરીટભાઈ વૃજલાલ વોરા (ધોરાજી)

હાલ : રાજકોટ

**હૃદય અમારાં રડી પડે છે, જોઈ તસવીર આપની,**
**હૈયું માનવા તૈયાર નથી કે, નથી હયાતી આપની.**
**હૃદયમાં વાસ આપનો, ક્ષણ ક્ષણ ભુલાતો નથી,**
**સમતા અને મમતા, નમતા અને ખમતા, સહનશીલતા**
**અને સમજણપૂર્વક આપનાં કાર્યો કદી નથી ભુલાતાં.**
**પ્રભુ આપનાં આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના.**

**લિ. સ્વ. વૃજલાલ જગજીવનદાસ વોરા પરિવાર**

**માતુશ્રી વિજયાબેન વૃજલાલ વોરા**

| | | |
|---|---|---|
| **પત્ની** | : | ગીતાબેન કિરીટભાઈ વોરા |
| **પુત્ર** | : | કેવીન |
| **પુત્રવધૂ** | : | ખ્યાતિ |
| **પૌત્ર** | : | યુગ,**વિહાન** |
| **ભાઈ-ભાભી** | : | શૈલેષભાઈ-રૂપલબેન |
| **ભાઈ-ભાભી** | : | કૈલેશભાઈ-નીતાબેન |
| **ભાઈ-ભાભી** | : | રાજેશભાઈ-બીનાબેન |
| **બહેન-બનેવી** | : | સ્વ. જ્યોતિબેન-રાજેન્દ્રકુમાર |
| **ભત્રીજા-ભત્રીજી** | : | કેવલ, હેનલ, આગમ અને પ્રિયા |

Kayami/December

# ભાવભરી શ્રદ્ધાંજલિ

જન્મ :
તા. ૧૫-૧૦-૧૯૨૮





અરિહંતશરણ :
તા. ૦૮-૧૨-૨૦૧૭



## સ્વ. શ્રી નટવરલાલ જીવાલાલ ઠક્કર

વતન - રાણપુર ભેંસાણ / બોરીવલી

આપનો મિલનસાર અને પરોપકારી સ્વભાવ, ઉદારતા,
કાર્યકુશળતા અને કુટુંબ પ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના દિવંગત આત્માને પરમશાંતિ આપે,
આપની ખોટ અમોને કાયમ રહેશે.
સમગ્ર પરિવાર પર આપના આશીર્વાદ કાયમ રહે એજ અભ્યર્થના.

**શ્રી જીવાલાલ બબજીભાઈ ઠક્કર પરિવાર**

| | | |
|---|---|---|
| **પત્ની** | : | ગં. સ્વ. મુક્તાબેન |
| **પુત્ર-પુત્રવધૂ** | : | સ્વ. વિરેશ-મીના, મહેશ-નયના |
| **દીકરી-જમાઈ** | : | સુધા પરેશકુમાર વારીયા, હર્ષા શૈલેષકુમાર વોરા |
| **ભાઈ** | : | સ્વ. પ્રવીણચંદ્ર જીવાલાલ ઠક્કર |
| **ભાઈના પત્ની** | : | જયશ્રીબેન |
| **પૌત્ર-પૌત્રવધૂ** | : | નિકુંજ - અ. સૌ. વૈશાલી |
| **પૌત્રી-જમાઈ** | : | મેઘના સૌરભકુમાર દોશી, સોનાલી તેજશકુમાર શાહ<br>શ્વેતા કલ્પેશકુમાર કોરડિયા અને એકતા |
| **દોહિત્રી** | : | અમી કલ્પેશકુમાર શાહ, હાર્દિક<br>ભૌમિક અને કુનાંશ |
| **પ્ર. દોહિત્ર** | : | ખેવના, વિરા અને કવીર |

**શ્રી જીવાલાલ બબજીભાઈ ઠક્કર પરિવારના જય જિનેન્દ્ર**

**મોબાઈલ : ૯૮૨૧૨૨૧૮૮૯**

Kayami/December

# શ્રધ્ધાંજલી



## સ્વ. શ્રીમતી જશવંતીબેન પ્રતાપરાય મહેતા

**સ્વર્ગવાસ : તા. ૧૫-૧૨-૧૯૮૭**

**સ્વ. પ્રતાપરાય માણેકચંદ મહેતા, વતન કોલકી, હાલ બેન્ગલુરુના ધર્મપત્ની**

**સરળ સ્વભાવ, સૌ પ્રત્યે સ્નેહ, પારકાંને પોતાના બનાવવાની તત્પરતા,**
**પરિવાર પ્રત્યેની વિશેષ લાગણી અને સદાય હસતો ચહેરો અમે ક્યારે પણ નહિ ભૂલી શકીએ**

| | | |
|---|---|---|
| **પુત્રો** | : | તનસુખભાઈ, વીરુભાઈ, બિપીનભાઈ, હિતેન્દ્રભાઈ |
| **પુત્રવધૂ** | : | નિરુપાબહેન, કોકિલાબહેન, મીનાબહેન, સ્વ. જ્યોતિબહેન |
| **પુત્રી** | : | ચન્દ્રિકાબહેન |
| **જમાઇ** | : | દિલીપકુમાર |
| **પૌત્રો** | : | સચિન, કલ્પેશ |
| **પૌત્રવધૂ** | : | રચનાબહેન, દિનાબહેન |
| **પૌત્રી** | : | મીતા, નિકીતા, રોશની, રચના, સ્વ. રિદ્ધિ, વિધિ, ભક્તિ |
| **જમાઈ** | : | ભાવિન, હેમલ, જીનેશ, સમીક, જીગર |
| **પ્રપૌત્ર** | : | દિવ |
| **પ્રપૌત્રી** | : | મીશિકા, આરોહી |

**પિયરપક્ષે જૂનાગઢ નિવાસી પોપટલાલ દુર્લભજી દોશીના સુપુત્રી**

| | | |
|---|---|---|
| **માતા** | : | સમરતબહેન |
| **ભાઈ** | : | પ્રવીણકુમાર |
| **ભાભી** | : | પુષ્પાબહેન |
| **બહેન** | : | લિલમબહેન, રશ્મિલાબહેન |
| **બનેવી** | : | સુરેશકુમાર, લલિતકુમાર |

Kayami/December

શ્રી આદિનાથાય નમઃ

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ :
તા. ૩-૧૨-૧૯૭૧

સ્વર્ગવાસ :
તા. ૧૩-૧૨-૨૦૨૦

## સ્વ. વિપુલભાઈ પ્રફુલ્લચંદ્ર મહેતા

### વડાલ (સોરઠ) નિવાસી હાલ બોરીવલી, મુંબઈ

દિલની વાત હોઠ પર આવીને અટકી ગઈ,
શબ્દો ખૂટ્યાને લાગણીઓ ગૂંચવાઈ ગઈ...
જીંદગી હતી ટૂંકી અને માયા મોટી લગાડી ગયા,
છાના ખૂણે રડી લઈશું જ્યારે આવશે યાદ
ક્યારેય કલ્પી ન શકાય તેવી તમારી ઓચિંતી વિદાય,
કાળજુ અમારૂ કંપાવી ગઈ
અંજલિ આપતા હૈયુ ફાટે છે, શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...
પરમાત્મા આપના પ્રેમાળ આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના.

શ્રદ્ધાંજલિ સહ

**શોકાતુર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| પિતા | : | સ્વ. ડૉ. પ્રફુલચંદ્ર જે. મહેતા | મોટાભાઈ | : | ડૉ. નિમેષ પી. મહેતા |
| માતા | : | રસિલાબેન પી. મહેતા | ભાભી | : | ડૉ. અલ્પા એન. મહેતા |
| પત્ની | : | જિજ્ઞાબેન વી. મહેતા | ભત્રીજી | : | દ્રષ્ટિ |
| | | | ભત્રીજો | : | દર્શન |

**સ્વ. જેચંદ કાલિદાસ મહેતા પરિવાર**

Eye 2 Eye

DIVYADRASHTI® EYE CARE CENTRE

i5 opticals

Dr. P. J. Mehta
Memorial Charitable Trust

022-28955555 / 28931927

Kayami/December

# ભાવપૂર્ણ શ્રધ્ધાંજલી



## સ્વ. શ્રી હરસુખલાલ અંદરજી કોરડીયા

**સ્વર્ગવાસ : તા.૧૦-૦૪-૨૦૨૦**

ભક્તિ તમે કરી, પુણ્ય સૌને મળ્યા
કર્મ તમે કર્યા, ફળ સૌને આપ્યા
સંઘર્ષ તમે કર્યો, સુખ સૌને આપ્યુ

આપવું એજ તમારો જીવન મંત્ર હતો
લઈ શું ગયા તમે આપી ગયા અમને સૌને

તમારા આર્શીવાદથી પરિવાર સુખી-સમૃધ્ધ થયો
મન હજું માનતું નથી કે તમો અમારી વચ્ચે હયાત નથી
હૃદયની લાગણી કહે છે તમો તો અમારી આસપાસ છો

આવા ઉત્તમ આત્માને પ્રભુ શાંતી અર્પે
આપની ખોટ અમોને સદાય રહેશે.

## સ્વ.કંચનબેન હરસુખલાલ અંદરજી કોરડીયા

**પુત્ર-પુત્રવધુ** : રાજેશ - ડોલી  હિતેન - રીટા  રોહિત - મીના
**પુત્રી** : નીલા ચંદ્રેશ શાહ
**પૌત્ર-પૌત્રી** : રીષભ - પ્રિયા  જય  જીનલ - હિલોની
ધૈર્ય - મૈત્રી  આર્ચી
**દોહિત્ર-દોહિત્રી** : જીનાલી - હાર્દિક શાહ  પીહુ  રાહુલ

**લી. : અંદરજી પાનાચંદ કોરડીયા પરિવાર**

Kayami/April

## ૩૧મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જન્મ :
તા.૧૫-૧૧-૧૯૨૧

સ્વર્ગવાસ :
તા.૧-૧૨-૧૯૯૧

## સ્વ.શ્રીમતી સમજુબેન ગિરધરલાલ વોરા

**આપની ચિર:વિદાયને ૩૧ વર્ષ પૂરાં થયા, અમારા પ્રત્યે સદાય પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર અમારા પરમપૂજ્ય માતુશ્રીને અમો નતમસ્તકે હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. અમારી સુખદુ:ખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા અને આશીર્વાદ વરસતાં રહે અને પ્રભુ તેમના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના**

**શ્રી ગિરધરલાલ જીવણભાઈ વોરા પરિવાર**

**પુત્રો :** શશિકાંત, દિનેશ, પ્રદીપ, જીતેન્દ્ર, મનોજ, અશ્વિન

**પુત્રવધુ :** સ્વ.ચંદ્રિકા, જ્યોતિ, બીના, સ્વ.સોનલ, ભારતી અને ચેતના

**પુત્રી :** મંજુલા **જમાઈ :** દીપકભાઈ

**પૌત્રો :** કેજલ, કૌશલ, અંકુર, શ્રેણિક અને ધર્મીલ

**પૌત્રવધૂ :** સપના, માનસી, પૂજા, રૂચી અને ધરા

**પૌત્રી :** કવિતા, પુનિતા, તોરલ, પ્રણાલી અને રિદ્ધિ

**જમાઈ :** જગદીપ, રાજેન, ઉમગં, વિશાલ અને નિશાંત

**દોહિત્ર :** દર્શન **દોહિત્રવધૂ :** અમી

**દોહિત્રી :** નિરાલી અને હેલી **દોહિત્રી જમાઈ :** જીજ્ઞેશ અને તુષાર

**પ્રપૌત્ર :** હેત, સૌમિલ, જશ, યશ અને દેવ

**પ્રપૌત્રી :** હ્રિત્વી, હેતાંશી, વંશિકા, નવ્યા, હ્રુતી, શનાયા અને નાયરા

**શ્રી જીવણભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર**

Kayami/December

# આઠમી પુણ્યતિથિએ સ્મરણાંજલી



૨૦-૧૦-૧૯૩૩ ૧૪-૧૦-૨૦૧૪

# સ્વ. તારાબેન રમણીકલાલ વસા

આપનો પ્રેમાળ, નિખાલસ, મિલનસાર સ્વભાવ, ઉદાર ભાવના,
પરોપકારી વૃત્તિ, કુટુંબ પ્રત્યેની અનોખી નિષ્ઠા,
ધર્મપ્રેમભરી જીવનશૈલી સદૈવ અમારા હૈયામાં રહેશે.
પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સ્વ.રમણીકલાલ ઝવેરચંદ વસા
જયેશ - સોનલ, કમલેશ - પ્રીતિ, સુનીલ - શ્વેતા
રૂપા - નરેશકુમાર મકાણી,
રચના-હિમાંશુ મોદી, બીજલ-ભાવેશ કક્કા,
માનસી, સીલ્કી સાહીલ પરીખ, નીલ, ભવ્ય,
આશના, દિયા, પહેલ, અનીષ્કા

Kayami/October

## દ્વિતીય પુણ્યતિથિ : સ્મૃતિ વંદના



જન્મ :
તા.૧૧-૦૩-૧૯૪૮

વિદાય :
તા.૧૦-૧૦-૨૦૨૦

# સ્વ. સુધાબેન પ્રતાપભાઈ વસા

**જીવનમાં સુવાસ, પ્રભુમાં વિશ્વાસ,**
**આંખમાં અમી, દરિયા જેવું દિલ,**
**મીઠી વાણી અને સ્નેહની સરવાણી**
**અમારા ઘરની શાન, શોભા અને શોહરત**
**એટલે અમારા પ્રિય માતુશ્રી સુધાબેનની દ્વિતીય**
**પુણ્યતિથિએ તેમને ભાવભરી અંજલી સ્મૃતિ વંદન....**

**-: આપના પ્રિયજનો :-**

બિજલ પરેશ વસા - કોમલ મીહિર વસા
જિજ્ઞા બિરેન શાહ - ધ્રીશ પરેશ વસા
ટીયા મીહિર વસા - દિવીના મીહિર વસા
આરવ બિરેન વસા - નિખીલ બિરેન વસા

**માણેકલાલ ઝવેરચંદ વસા પરિવાર**
**પ્રતાપભાઈ માણેકલાલ વસા**

Kayami/October

| | |
|---|---|
| પુત્ર | : દિલીપ, રોહિત |
| પુત્રવધૂ | : શ્વેતા, લીના, હર્ષાબહેન |
| પુત્રી | : નીલમબહેન |
| જમાઈ | : અશોકકુમાર દલીચંદ ભણશાલી<br>સમીરકુમાર નાગરદાસ ઓધવાણી |
| પૌત્ર | : સાગર, ઉત્સવ |
| પૌત્રવધૂ | : આયશા (ચંચલ) |
| પૌત્રી | : ખુશ્બુ, નિધિ |
| પ્રપૌત્ર | : શ્રેય |
| દોહિત્ર | : હર્ષ, કિંજલ, જીલ |
| દોહિત્રવધૂ | : ધ્રુવી |
| દોહિત્ર જમાઈ | : કરણકુમાર લેખરાજાની |
| દોહિત્ર પુત્રી | : પ્રાંસી, નાયરા |
| ભાઈઓ | : સ્વ. મનસુખલાલ, સ્વ. ચુનિલાલ, સ્વ. પ્રવીણચંદ્ર, સ્વ. વિનોદરાય તેમ જ શ્રી કિરણભાઈ તારાચંદ દોશી (રાણપુર ભેસાણ) |
| બહેનો | : સ્વ. જશવંતીબહેન શાંતિલાલ શાહ (થાણાદેવડી - અહમદનગર),<br>ગં. સ્વ. દમયંતીબહેન નગીનદાસ સંઘવી (જૂનાગઢ - બોરીવલી)<br>સ્વ. કરુણાબહેન વિજયભાઈ સંઘવી (ધોરાજી - બોરીવલી)<br>કનકબહેન રમેશચંદ્ર વોરા (છત્રાસા - અમદાવાદ) |

તેમ જ

**લી. મનસુખલાલ મૂળજીભાઈ પારેખ પરિવાર**

(વડાલ / આકોલા / દિલ્હી)

# શ્રદ્ધાંજલિ



## માતુશ્રી ચંદનબહેન મનસુખલાલ પારેખ

અરિહંતશરણ : ૩૦-૦૯-૨૦૧૮

અમારા પૂ. માતુશ્રી ચંદનબહેન મનસુખલાલ પારેખ આકોલાવાળા હાલ દિલ્હી ૮૭ વર્ષની જૈફ વયે ૪ પેઢી જોઈ અરિહંત શરણ પામેલ છે. અમારા પૂ. માતુશ્રી સાલસ સ્વભાવી, ધર્મ અને કુટુંબપ્રેમી દિલ્હીમાં રહેઠાણ હોવાથી વિવિધ સમાજનાં જૈન પરિવારો જેવા કે મારવાડી, ગુજરાતી, પંજાબી, તેરાપંથી, દેરાવાસી, સ્થાનકવાસી વગેરે બધા સાથે ખૂબ જ હળીમળી રહેતા, પોતાના આનંદી અને નિખાલસ સ્વભાવથી ખ્યાતનામ હતાં.

પોતે ખૂબ જ ધાર્મિક સ્વભાવ, નવકાર મંત્રનો જાપ, સમુહ સામાયિક અનેક અનુષ્ઠાનો કરાવી નવકારમંત્રનું સ્મરણ કરતા ૩૦-૦૯-૨૦૧૮નાં રોજ સમાધિપૂર્વક અરિહંતશરણ પામેલ, અમારા સૌનું જતનપૂર્વક ઉછેર કરી સંસ્કારોનું સિંચન કરી ધૂપસળી જેવું જીવન જીવી ગયા.

અમારા પૂજ્ય માતુશ્રીનો આત્મા જ્યાં હોય ત્યાં ચિરઃશાંતિ પામે એ જ પરમકૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના

Kayami/September

# હાર્દિક શ્રદ્ધાંજલી



## સ્વ. પ્રફુલચંદ્ર નરભેરામ મહેતા

મૂળ વતનઃ મઘરવાડા હાલઃ કાંદિવલી

જન્મઃ તા. ૨૭-૧૦-૧૯૪૭ સ્વર્ગવાસઃ તા. ૦૬-૦૯-૨૦૧૭

આપનો મિલનસાર સ્વભાવ, નિર્મળ હૃદય, ધર્મપ્રેમી, વિવેકશક્તિ અને દરેક કુટુંબીજનોને ઉપયોગી થવાની સદભાવના નિરંતર યાદ રહેશે. આપનું આદર્શમય જીવન અમોને હંમેશા પ્રેરણા આપતું રહેશે. પ્રેમ, સ્નેહ અને સંસ્કાર વડે આપે અમારા જીવનનું ઘડતર કર્યું અને આપના આશીર્વાદથી અમો આ મુકામ પર ઉભા રહી શક્યા છીએ. આપનાં અનંતો ઉપકાર કદી ભૂલી શકીશું નહિ. આપની અમી દ્રષ્ટી અમારા પર વરસતી રહે.

રહેવાને કોઈ સદાય આવતું નથી, છતા તમે ગયા તેમ કોઈ જતું નથી,
વિદાય એવી લીધી કે મન હજુ માનતું નથી, નિર્દોષ હસતું મુખડું નજર સામેથી જતું નથી,
જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે, કર્મ એવા કર્યા કે હૃદયમાં સૌના ગુંજતા રહે.

હે પરમ કૃપાળુ પરમાત્મા, સદગત આત્માને શાશ્વત સુખ અને પરમ શાંતિ અર્પો
એવી અમારા સહુ પરિવારની પ્રાર્થના.

**લીઃ સ્વ. નરભેરામ સવજી મહેતા પરિવાર**

*પત્ની :* સુદર્શનાબેન પ્રફુલભાઈ મહેતા *બહેન-બનેવી :* સરલાબેન - રસિકલાલ ફુલચંદ ગાંધી

*પુત્ર-પુત્રવધુ :* મેહુલ - સોનાલી તથા સ્નેહલ - શ્રુતિ *પુત્રી :* સેજલ

*પૌત્ર :* કાવ્ય, નીવ *ભાણેજ :* કવિતા, નીરેન, રાજુલ, જય

મોટી પાનેલી નિવાસી શ્રી ગોકળબાપાના જમાઈ

Kayami/September

# શ્રદ્ધાંજલી



: જન્મ :
તા. ૨૯-૧૦-૧૯૩૬

: સ્વર્ગવાસ :
તા. ૧૦-૦૯-૨૦૦૧

## સ્વ. શ્રી નવીનચંદ્ર ઇશ્વરલાલ શેઠ

**જૂનાગઢ નિવાસી - હાલ (સાયન)**

તમે આવ્યા અમારા જીવનમાં, કુલછડી બનીને,
ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઊઠ્યા, યાદ તમારી આવતા આંખલડી છલકાય છે,
જોઈ તસવીર તમારી, આંસુ ઊભરાય છે, આપનો મિલનસાર અને પરોપકારી સ્વભાવ,
ઉદારતા, કાર્યકુશળતા, કુટુંબપ્રેમ સદા અમારા હૃદયમાં રહેશે.
સમગ્ર પરિવાર પર આપના આશીર્વાદ કાયમ રહે એજ અભ્યર્થના.

---

માતુશ્રી : સ્વ. મંગળાબેન ઈશ્વરલાલ શેઠ • પિતાશ્રી : સ્વ. ઈશ્વરલાલ હરબચંદ શેઠ
પત્ની : શ્રીમતી ઉષાબેન નવીનચંદ્ર શેઠ (મુંબઈ)
પુત્ર : તેજસ નવીનચંદ્ર શેઠ • પુત્રવધૂ : શીતલ તેજસ શેઠ • પૌત્ર : દર્શ તેજસ શેઠ
પુત્રી-જમાઈ : શીલ્પા - મિલીન્દ, શીતલ - ગૌતમ • દોહીત્રી : નિયોતી, અપાર, નિરાલી, નિધિ, કુંજલ
ભાઈ-ભાભી : વસંત - સાધના, ધીરેન - નીતા, યતિન્દ્ર - નીતુ, શૈલેષ - જ્યોતિ. સ્વ. પિયુષ
બહેન-બનેવી : ભાનુમતી ગુણવંતલાલ, હંસા જગદીશભાઈ તેમ જ

**સર્વે કુટુંબીજનો તથા મિત્રમંડળની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

---

નિવાસસ્થાન : શ્રી નવીનચંદ્ર ઈશ્વરલાલ શેઠ, ૨૭૨ / ૨૭૩, હિંદ રાજસ્થાન શોપિંગ સેન્ટર,
૧લે માળે, બ્લોક નં. ૧, સાયન હૉસ્પિટલની બાજુમાં, સાયન (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨
ફોન : ૨૪૦૭૫૦૪૩, મો.: ૯૮૧૯૪૯૮૯૮૦ / ૯૮૨૧૩૪૯૧૭૭

**શ્રી ઈશ્વરલાલ હરખચંદ શેઠ પરિવાર**

Kayami/September

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## સ્વ. રમણીકલાલ ગોકળદાસ સંઘવી (જુનાગઢ)

જન્મ તા. ૧૧-૩-૧૯૩૬ - સ્વર્ગવાસ તા. ૧૨-૧૨-૨૦૧૮

સળગે છે ગુણોની ધુપસળી, સુવાસ ચોમેર ફેલાય છે,
સરીતા સાગર ને મળવા જાય છે, સ્વજનોની આંખો છલકાય છે,
ન ઓળખી શક્યા અમે આપને આજ તમારા ગુણો અણમોલ થાય છે,
પરમ કૃપાળુ પરમાત્મા તમારા દીવ્ય આત્માને
શાંતી પ્રદાન કરે એવી હૃદયપૂર્વકની પ્રાર્થના.

શ્રદ્ધાંજલી સહ

**ધર્મપત્ની : લીલાવંતીબેન**

પુત્ર-પુત્રવધુ : **અશોક - સંગીતા • મુકેશ - દીપ્તી**

દીકરી-જમાઇ : **હીના - કીરીટ • ઇલા - કમલેશ**

પૌત્ર-પૌત્રવધુ : **નીરવ - નીધી • નૈમીષ - પાર્થ-રાજ નૈમીષી : માધુરી**

પ્રપૌત્રી : **ધાર્મી**

## સમસ્ત સંઘવી પરીવારનાં જય જીનેન્દ્ર

Kayami/December

# શ્રદ્ધાસુમન

: જન્મ :

તા. ૧૫-૦૭-૧૯૨૯



: અરિહંતશરણ :

તા. ૨૩-૧૦-૨૦૧૬

## સ્વ. જમનાદાસ મોતીચંદ મહેતા

મૂળ વતન : જૂનાગઢ   હાલ : વડાલા - મુંબઇ

---

સ્મિતથી આવકારતા રહ્યા, સૌના હૃદયમાં વસતા રહ્યા
ધર્મ કદી ચૂક્યાં નહીં, વ્યવહાર કદી ભૂલ્યાં નહીં,
તનથી ભલે દૂર થયા, મનથી કદી વિસર્યા નહીં,
"નિ:સ્વાર્થભર્યું પ્રેમાળ જીવન જીવનારા અમારા પ્રેરણાદાતા,
આપના કર્મનિષ્ઠ પુણ્ય આત્માને **કોટિ કોટિ વંદન**

**લિ. આપનો પરિવાર....**

ધર્મપત્ની : મધુવંતી જમનાદાસ મહેતા

પુત્રી : જાગૃતિ હેમેન્દ્ર શાહ, કામિની જયેશ વોરા, અમિતા દિવ્યેશ દોશી,
સુજાતા જમનાદાસ મહેતા, દોહિત્રી : રાજ વોરા

દોહિત્રી : હિરલ-તેજલ, કિંજલ-રાજવી, દિવામી-જહાન્વી

તેમ જ

## શ્રી મોતીચંદ કાળીદાસ મહેતા પરિવાર

Kayami/October

# વીસ (૨૦)મી પુણ્યતિથિએ
# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. જસુમતીબેન ઝવેરીલાલ કોરડિયા

સ્વર્ગવાસ : કારતક સુદ-૧૪, તા. ૧૯-૧૧-૨૦૦૨

*મૂળ વતન : ખારચીયા (વાકુંના), હાલ : મુંબઈ, બોરીવલી*

હૃદય અમારા રડી પડે છે જોઈ તસવીર આપની
હૈયું માનવા તૈયાર નથી કે, નથી હયાતી આપની
હૃદયમાં વાસ આપનો, ક્ષણ ક્ષણ ભુલાતો નથી
સમતા અને મમતા નમતા અને ખમતા સહનશીલતા
અને સમજણપૂર્વક આપનાં કાર્યો કદી નથી ભુલાતાં.

પ્રભુ આપનાં આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...
પુત્ર તથા પુત્રવધૂઓ

મીના યોગેશ કોરડિયા તથા પુત્ર : અભય
સોનલ નિલેશ કોરડિયા તથા પુત્ર : તારણ
પૂજા કમલેશ કોરડિયા તથા પુત્ર : કૃણાલ અને પુત્રી કેલી
પુત્રી : પ્રીતિ નિતીન તથા આદિત તથા કેવીન

**હ. ઝવેરીલાલ વિઠ્ઠલજી કોરડિયા**

Kayami/November

# મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. નરોત્તમદાસ જીવણભાઈ વોરા

જન્મ: તા. ૨૧-૬-૧૯૧૦ ★ સ્વર્ગવાસ : તા. ૨૫-૧૦-૧૯૯૫

આપનો મિલનસાર, માયાળુ અને લાગણીભર્યો સ્વભાવ, કુટુંબવાત્સલ્ય, પ્રભુના પરમતત્ત્વમાં શ્રદ્ધા અને વિશ્વાસ, સર્વ જીવો પ્રત્યે પ્રેમ, દયા અને કરુણા તેમ જ બીજાને માટે કાંઈક કરી છૂટવાની ઉદાર ભાવના હંમેશાં યાદ રહેશે. આપનું કર્તવ્યપરાયણ, સેવામય આદર્શ જીવન હંમેશાં અમને શ્રેયને પંથે દોરી જશે.

પ્રભુ આપના પુનિત આત્માને પરમશાંતિ બક્ષે એવી પ્રાર્થના.

લિ.

## નરોત્તમદાસ જીવણભાઈ વોરા પરિવાર

પુત્રો : **ધીરજલાલ, ડૉ. ભુપેન્દ્ર અને ચંદ્રકાંત**

પુત્રવધૂ : **પુષ્પા, શોભના અને મધુ**

પુત્રીઓ : **સ્વ. તારાબેન રમણીકલાલ વસા સ્વ. રસીલા ચંદુલાલ વોરા, સ્વ. રમા પ્રફુલચંદ્ર ધોળકિયા, હેમા નવીનચંદ્ર દોશી**

પૌત્ર : **સચીન, મનીષ આશિષ**

પૌત્ર વધૂ : **નિશા, પરીતા**

પૌત્રી : **નેહા, સોનાલી**

Kayami/October

# મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



## સ્વ. વૃજકુંવરબેન ચુનિલાલ મહેતા

**સ્વર્ગવાસ : કારતક વદ ૧૧, તા. ૨૩-૧૧-૧૯૮૯**

સરવાણી વહે નિત્ય જ્યાં સ્નેહની મમતા હોય સર્વત્ર જ્યાં સમભાવની

પ્રેમ, સ્નેહ અને કરુણાના સાગર જેવા અમારા

મંગલમૂર્તિ વહાલસોયા માતુશ્રીએ સરળતા અને સહજતાથી જીવન જીવીને

અમારા જીવનનું ઘડતર કર્યું હતું અને અમને શ્રેયના પંથે દોર્યા હતા.

તેમનું તર્પણ સદૈવ અમારા હૈયે રહેશે.

અમારું સ્વર્ગ અમારી માતાના ચરણોમાં.

પરમાત્મા તેમના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે.

સમસ્ત મહેતા પરિવાર

**-: સૌજન્ય :-**

**પ્રમોદકુમાર ચુનિલાલ મહેતા**

બી-૭૦૨, રાજશ્રી રોયલ એપાર્ટમેન્ટ, ૭મા માળે, કરાણી લેન,

ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૬.

**મોબાઈલ : ૯૨૨૪૪૨૭૮૯૯**

Kayami/November

# શ્રદ્ધાસુમન







## લીલમબેન ધીરજલાલ માઝની

**ધોરાજી નિવાસી હાલઃ ચુનાભટ્ટી - મુંબઈ**

**જન્મઃ તા. ૧૯-૦૯-૧૯૪૦ સ્વર્ગવાસઃ તા. ૧૭-૧૧-૨૦૧૬**

હળવું હળવું તમારું અસ્તિત્વ ને

એમાંથી પ્રસરેલી ભીની ભીની સુવાસ

સંકોરે છે એ પ્રેમાળ વદન,

જાણે તમે અહીં જ છો અમારી આસપાસ.

પ્રભુ આપના આત્માને પરમશાંતિ અર્પે એવી હૃદયપૂર્વક પ્રાર્થના...

| | | |
|---|---|---|
| પુત્ર | : | **હરેશ, નરેશ** |
| પુત્રવધૂ | : | **હીના, વૈશાખી** |
| પૌત્ર | : | **હેમીત, જૈનીલ** |
| પુત્રી-જમાઈ | : | **કલ્પના અમીતકુમાર મોદી** |
| દોહિત્ર | : | **અમોલ, પ્રણવ** |

**સર્વેની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

*રહેઠાણઃ ૨૦૩-૪૦૨, ગિરીશ વિહાર, ૨૯૨, વી. એન. પુરવ માર્ગ,*
*ચુનાભટ્ટી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૨૨*

Kayami/November

## નવેમ્બર માસના "સૌજન્યદાતા"



# સ્વ. શ્રી નટવરલાલ મોહનલાલ શાહ

**આપણાં સમાજમાં નટુભાઈના લાડલા નામથી ઓળખાતા**

**મૂળ વતન : ધોરાજી - જન્મ : તા.૨૫-૧-૧૯૩૦**

મુંબઈમાં યુવાનીમાં વકીલાતના વ્યવસાયનાં રસ લઈને નટુભાઈ વકીલ તરીકે સારી નામના મેળવી હતી. જીવનમાં શૂન્યમાંથી સૃષ્ટિ સર્જન કરી આપ મેળે આગળ આવી જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં સંસ્થાઓને અનુદાન આપી પોતાનું જીવન સાર્થક કર્યું.

આપણા સમાજમાં ઉપ-પ્રમુખ અને કાર્યવાહક સમિતિના સભ્ય તરીકે ઘણાં લાંબા સમય સુધી સેવા આપેલ હતી. શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મિત્ર મંડળ - ઘાટકોપરના સ્થાપક પ્રમુખ હતાં. તેમ જ ઘાટકોપર મંડળની ઓફિસ લેવા માટે પણ માતબર રકમનું યોગદાન આપેલ હતું. ઘાટકોપરના શ્રી સોરઠ વિશાશ્રીમાળી સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટના સ્થાપક ટ્રસ્ટી હતા અને આ ટ્રસ્ટને પણ મોટું યોગદાન આપેલ હતું. નોયલ ફાર્માસ્યુટીકલ લી.ના ડાયરેક્ટર હતા.

તેમના પરિવારમાં તેમના ધર્મપત્ની લલિતાબેન, જેતપુર નિવાસી શ્રી જગન્નાથ લક્ષ્મીચંદ શેઠના દીકરી. તેમનો એક દીકરો સંજય, આંતરરાષ્ટ્રીય મોર્ગન સ્ટેનલી લી. કંપનીમાં ઉચ્ચ હોદ્દો ધરાવે છે. પુત્રવધુ નંદીતા અને બે પૌત્ર હિમાનીષ - પ્રણય. બે દીકરીઓ ભાવના અને સંગીતા પરિણીત છે. નટુભાઈના શુભ કાર્યો તેમના પરિવારના પ્રેરણા સ્રોત બની રહ્યા છે.

નટુભાઈ ધૂપસળી જેવું જીવન જીવી, સમાજની ઉત્કૃષ્ટ સેવા બજાવતા તા.૩૦-૧૧-૨૦૦૪ના સ્વર્ગવાસ થયા અને સુગંધ ચોતરફ મુકતા ગયા.




Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR